

# વાયડામિત્ર

વર્ષ : ૯૭, ઓક્ટોબર–નવેમ્બર–૨૦૧૯,
અંક ૧૦–૧૧, કિંમત : રૂ ૩૦/–(વાર્ષિક)

## નૂતન વર્ષાભિનંદન



નૂતન વર્ષાભિનંદન


A TRIBUTE TO THE LEGACY
OF
C. SUNDERLAL & CO.
ON THE AUSPICIOUS OCCASION OF
COMPLETING
100
YEARS
OF ESTABLISHMENT
1918 –2018
189, K.M. Sharma Marg,
Mumbai 400 002
T: 22080400, 22080410
info@csunderlal.com www.csunderlal.com

## નૂતન વર્ષાભિનંદન

### સ્વ. શ્રી ચીનુભાઈ રમણલાલ શાહના સ્મરણાર્થે
### શ્રીમતી પલ્લવીબહેન ચીનુભાઈ શાહના
### સૌને જય શ્રી કૃષ્ણ



૪૦૨, હેરીટેજ ક્રિસન્ટ, પ્રહ્લાદનગર ગાર્ડનની પાછળ, જૈન દેરાસર પાસે,
એસ.જી.હાઈવે, અમદાવાદ – ૩૮૦ ૦૫૧

નૂતન વર્ષાભિનંદન


MTC
MANISHA TRADING CORPORATION
Wishing You Happy Diwali & Prosperous New Year
Naimish Shroff : 99980 33215
SB-17, Ivory Terrace, R.C. Dutt Road,
Alkapuri, Vadodara 7.
Ph.: 9737922215, 2334543,
E-Mail.: manishatrading1@yahoo.com
OSRAM
LED
HYBEC
lighting the future
LUTRON
Automation Solution
K-LITE
Schneider Electric
norisys
wizhom
TOYAMA
RR KĀBEL
WIRE NAHIN, BHARAT KI NUBZ HAIN HUM.

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૯, પ્રત-૧૧૨૬, વર્ષ-૯૭, અંક-૧૦-૧૧**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com
www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ



| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |



**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,
પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

ડી/૬૦૨, વિષ્ણુધારા ગાર્ડન્સ, ઈલોગીયા હોટલ પાછળ,
ઓફ એસ.જી. હાઈવે, ગોતા-જગતપુર રોડ, અમદાવાદ-૩૮૨૪૭૦
ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ-મેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/- સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

**શુભ દીવાળી તથા નૂતન વર્ષાભિનંદન**

# પ્રમુખશ્રીનો નવા વર્ષનો સંદેશ



સુજ્ઞ જ્ઞાતિજનો,

આપ સર્વેને સં. ૨૦૭૫ની દીપાવલી તથા સં. ૨૦૭૬નાં નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. શ્રી વાયડ માતાની કૃપાથી નવું વર્ષ સૌ જ્ઞાતિજનો માટે સુખ, શાંતિ, સમૃધ્ધિ, યશ અને આરોગ્યદાયક રહે તેવી પ્રાર્થના.

આપણી લગભગ ૧૧૦૦ કુટુંબ ધરાવતી જ્ઞાતિ નાની પણ શિક્ષિત, સંસ્કારી અને સમૃધ્ધ છે. જ્ઞાતિજનો દેશ-વિદેશમાં ખૂબ જ સારી રીતે સ્થાયી થયા છે અને આપણું 'વાયડામિત્ર' સૌને સ્નેહપૂર્વક સાંકળી રાખે છે.

'વાયડામિત્ર'ને આપણે વેબસાઈટ ઉપર પર અપલોડ કરીએ છીએ. આ ઉપરાંત જ્ઞાતિજનોને એકબીજા સાથે સંપર્કમાં રાખવા માટે ગ્લોબલી કનેક્ટેડ વાયડા (G.C.V) ,Vayconnect તથા Community Messanger મોબાઈલ એપ પણ શરૂ કરી છે અને ઘણા જ્ઞાતિજનો તેનો સારો લાભ લઈ રહ્યા છે તેમ છતાં વધુ અને વધુ જ્ઞાતિજનો તેનો લાભ લે તેવી વિનંતી છે.

ગત વર્ષ આપણે વાયડ સંસ્થાન દ્વારા વાયડમાં પ્રતિષ્ઠા મહોત્સવનું સુંદર આયોજન કર્યું અને શ્રી રમેન્દ્રભાઈ, સુનિલભાઈ, રાજેશભાઈ તથા અન્ય સ્વયંસેવકોના અથાગ પરિશ્રમથી અને માતાજીની કૃપાથી આ ભગીરથ કાર્ય ખૂબ જ સુંદર રીતે પૂર્ણ કર્યું. આ કાર્યક્રમનો વિશેષાંક આપને મળી ગયો હશે.

આપણે શૈક્ષણિક સહાયની પ્રવૃત્તિ શરૂ કરી છે તે ખૂબ જ સારી રીતે આગળ ચાલી રહી છે પરંતુ આ યોજનાનો લાભ હજી સુધી ઘણા બધા લોકો લઈ રહ્યા નથી. આ કારણે આપણે આ ફંડનો મેડિકલ સહાય માટે પણ ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. જ્ઞાતિજનોને વિનંતી કે તેઓ ઉદાર હાથે આ યોજનાને વધુ સમૃધ્ધ બનાવવા માટે ફાળો આપે.

ટ્રસ્ટની એ.જી.એમ દર વર્ષે યોજવામાં આવે છે પરંતુ તેમાં ખૂબ જ ઓછી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહે છે. મારી સૌ જ્ઞાતિજનોને વિનંતી છે કે તેઓ વધુ સંખ્યામાં હાજર રહે. 'વાયડામિત્ર'ને સમૃદ્ધ બનાવવા માટે જ્ઞાતિજનોનો ફાળો અને સૂચનો આવકાર્ય છે.

અંતમાં, સૌ જ્ઞાતિજનોને નૂતન વર્ષાભિનંદન તથા જય શ્રી કૃષ્ણ.

**-શશાંક આઈ. શાહ**

શ્રી નીલાબહેન હરીશભાઈ પરીખ પરિવાર (થાણે, મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## ટીમ 'વાયડામિત્ર'નાં સર્વે જ્ઞાતિજનોને નૂતન વર્ષાભિનંદન





આપનું પ્રિય 'વાયડામિત્ર' ૯૭ વર્ષ પુરા કરીને ૯૮માં વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહયું છે.

અમે તેને સતત વધારે સુંદર અને વૈવિધ્યસભર કરવા માટે પ્રયત્નશીલ છીએ. ઘણા નવા અને યુવાન લેખકો, કવિઓ પોતાની કૃતિઓ મોકલી રહ્યા છે તેનો આનંદ છે. હજી પણ વધુ ને વધુ જ્ઞાતિજનો વિવિધ વિષયો ઉપર તેમનાં મૌલિક લેખ મોકલાવે તેવી અપેક્ષા છે. અમારો વિશેષ આગ્રહ છે કે જ્ઞાતિના નવયુવાનો પોતાની કવિતાઓ, વાર્તાઓ તથા લેખો વધુ ને વધુ મોકલાવે જેનાથી 'વાયડામિત્ર' તેમની પ્રતિભા ખીલવવામાં સહાયભૂત બની શકે તથા જ્ઞાતિજનો પણ તેમની પ્રતિભાથી અવગત થઈ શકે.

'વાયડામિત્ર'નાં માધ્યમથી અમને આપ સૌનો પરિચય કેળવવાની સુંદર તક મળી છે તે માટે અમે માતાજીનો અને ઈશ્વરનો આભાર માનીએ છીએ અને જ્ઞાતિજનોની સેવા કરવાની તથા મળવાની સુંદર તક મળી છે તેનો અમને અનેરો આનંદ છે. ઘણાં બધાં જ્ઞાતિજનોને હજી 'વાયડામિત્ર' નિયમિત મળતું નથી તેનો અમને ખેદ છે. ટીમ 'વાયડામિત્ર' આપને અંક સમયસર મળે તે માટે સંનિષ્ઠ પ્રયાસો કરી રહી છે. અમારી આપ સૌને નમ્ર વિનંતી છે કે જો આપના સરનામામાં ફેરફાર થાય તો નવા સરનામાની વિગત સાથે મેમ્બરશીપ નંબર તથા જૂનુ સરનામું પણ અવશ્ય મોકલવું.

**- શ્રેણીક પરીખ, તંત્રી**

**- નિશીથ પરીખ, વ્યવસ્થાપક**

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

# દિવાળી

દિવાળી સફાઈ ચાલુ કરી દે,
ચાલ આ વર્ષે કંઈક અલગ જ કરી દે.
જો હૃદયના માળીયે જૂની નફરતો છે,
ઊતારીને ઘરની બહાર ફેંકી દે.
હાસ્યના તોરણ પેક પડયા છે,
ખોલીને દરેક બારણે લગાવી દે.
નિરાશાના કોઈ ફાનસ હોય તો તેને જવા દે.
નવા ઉંબરે આશાના દીપ પ્રગટાવી દે.
જયાં અહંકારની ટાઈલ્સ છે ત્યાં,
પ્રેમનો ગેરુ લીપી દે.
એના ઉપર રંગબેરંગી રંગોળી તું પૂરી દે.
કોઈ ગરીબની આંખો પણ ચમકાવી દે,
જૂની ઢીંગલી અને તૂટેલી ફૂલદાની સાથે,
એક નવી ચોકલેટ પણ આપી દે.
બાજુવાળાની ઈર્ષા હવે છોડી દે,
'હું' ને ભૂલી જઈ, મન મૂકી બીજાની પ્રશંસા કરી દે.
કલર લાગણીનો ઉખડતો જાય છે,
આ વર્ષે વધુ પાકો કરાવી દે.
દિવાળીની સફાઈ ચાલુ કરી દે,
ચાલ, આ વર્ષે નવી સજાવટ કરી દે.

**– પ્રેષક : ગીતાબેન સી. પરીખ, મુંબઈ**

સ્વ. સોહાગિનીબહેન તથા સ્વ. નવનીતભાઈ બી. શાહ (દેત્રોજવાળા) ના જય શ્રી કૃષ્ણ.

# આવી જા નૂતન વર્ષ

આવી જા નૂતન વર્ષ,
દરવાજો ખૂલ્લો જ છે, અંદર આવ,
પણ, જરા થોભી જા,
બારસાખ નજીક રાખેલા છે,
પગલૂછણીયા પર તારો અંહ્મ ખંખેરતો આવજે,
મધુમાલતી વીંટળાયેલી છે છજ્જે,
ત્યાં નારાજગી વીંટાળીને આવજે,
તુલસીક્યારે મનની અતૃપ્તિ ચઢાવી આવજે,
પોતાની વ્યસ્તતાને બહાર ખીંટીએ ટાંગી આવજે,
પગરખા સંગ નકારાત્મકતા ઉતારી આવજે,
અને, બહાર રમતાં બાળકો પાસેથી થોડું,
નટખટપણું માંગી લાવજે,
પેલા ગુલાબનાં છોડ પર હાસ્ય ખીલ્યુ છે,
એ તોડીને પહેરી આવજે,
જોને, તારા માટે સાંજ બીછાવી છે,
સૂરજને ક્ષિતીજે બાંધ્યો છે,
આકાશે લાલીમાં છાંટી છે,
પ્રેમ અને વિશ્વાસના ધીમા તાપે ચાક ચઢાવી છે,
તે ઘૂંટડે ઘૂંટડે માણજે.

સહુને નવા વર્ષની હાર્દિક શુભેચ્છા.

**– પ્રેષક : ગીતાબેન સી. પરીખ, મુંબઈ**

દીપક કાંતિલાલ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

# મારે શિક્ષક બનવું છે. - બાળવાર્તા



એક હતું પતંગિયું. હસતું-રમતું ફૂલ ગુલાબી પતંગિયું. પોતાની મસ્તીમાં નાચતું-ઝૂમતું પતંગિયું. ક્યારેક જૂઈની વેલ પર બેસીને ઝૂલતું તો ક્યારેક ગુલાબના ફૂલ પર બેસીને ડોલતું. મમ્મી-પપ્પાએ તેનું નામ 'ચંચળ' પાડયું હતું પણ તેની પાંખોનો ફૂલગુલાબી રંગ જોઈને તેના મિત્રો તેને લાડમાં 'ફૂગુ' નામે બોલવતા હતાં.

રોજ સવાર પડેને ફૂગુભાઈ બાગ-બગીચા અને વન-વગડામાં ફરવા નીકળી પડે. બધા રંગીન ફૂલો સાથે ફૂગુને પાક્કી દોસ્તી. ક્યારેક રંગીન ફૂલોને મળવા એકલું નીકળી પડે. તો ક્યારેક બીજા પતંગિયાં-મિત્રો સાથે ટોળું બનાવીને ફરવા જાય. કોક વાર વળી મમ્મી-પપ્પાનો સંગાથ પણ કરે. આખો દિવસ મોજથી આમ-તેમ ફરે અને સાંજ પડે ઘરે પાછું ફરે.

એક દિવસ સવારના પહોરમાં ફૂગુ એકલું ટહેલવા નીકળ્યું. ફરતું-ફરતું ગામમાં આવેલી નિશાળે પહોંચી ગયું. વર્ગખંડની બારીમાં બેસીને અંદર શું ચાલે છે તે જોવા લાગ્યું. આજ સુધી તે ક્યારેય આ બાજુ આવ્યું જ ન હતું. વર્ગખંડમાં બધાં બાળકો એકસરખા રંગનાં કપડાં પહેરીને બેઠાં હતાં. સામેની પાટલી પર નોટબુક મૂકીને કશુંક લખતાં હતાં. ફૂગુનું ધ્યાન સામે ઊભેલાં શિક્ષિકાબહેન પર પડયું. તેમણે ફૂગુની પાંખો જેવા ફૂલગુલાબી રંગની સાડી પહેરી હતી. પોતાની પાંખો સાથે મેળ ખાતો ફૂલગુલાબી રંગ જોઈને ફૂગુ એકદમ ખુશ થઈ ગયું. શિક્ષિકાબહેન શું કરે છે તે બરાબર ધ્યાનથી જોવા લાગ્યું. તેઓ ક્યારેક કોઈ છોકરાને ઊભો કરીને, તેને પાઠ વાંચવાનું કહેતાં. તો ક્યારેક કોઈ છોકરી પાસે જઈ, તેની પીઠ ઉપર હાથ મૂકીને કંઈક સમજાવતાં. ક્યારેક હાથમાં લેખણી લઈને બાળકોની નોટબુકમાં લાલ રંગના લસરકા મારતાં. ફૂગુને શિક્ષિકાબહેનની આ બધી પ્રવૃત્તિઓ જોવાની ખૂબ મજા પડી. તે તો મુગ્ધ થઈને એકીટશે આ બધું જોઈ રહ્યું.

એટલામાં ઊડતી-ઊડતી એની મમ્મી એની પાસે આવીને બેઠી. તેણે ફૂગુને સમજાવ્યું કે, "આ ફૂલગુલાબી રંગની સાડી પહેરીને ફરે છે, તે શિક્ષિકાબહેન છે. તેઓ સૌ

ચંદનબહેન વલ્લભદાસ મોહનલાલ શાહ (કડીવાળા) પરિવારના જય શ્રી કૃષ્ણ.

છોકરાઓને ભણાવે છે.” આ સાંભળીને ફૂગુએ કહ્યું– “મમ્મી મારે પણ શિક્ષક બનવું છે. મારે પણ આ બાળકો સાથે દોસ્તી કરવી છે. તેમને બધું નવું-નવું શીખવવું છે. હું શિક્ષક બનીશ અને પછી જાસૂદનાં ફૂલ પાસેથી તેના કેસરની સળેખડી માંગી લઈશ. તે સળેખડી વડે હું પણ બધાની નોટબુકમાં લાલ રંગના લસરકા મારીશ. મમ્મી, જો મારી પાંખોનો રંગ શિક્ષિકાબહેનની સાડીના રંગ સાથે કેવો મેળ ખાય છે. હું પણ તેમની જેમ શિક્ષક બનીશ. રોજ નિશાળે આવીશ અને વર્ગખંડમાં બેઠેલાં બાળકોને ભણાવીશ.” આ સાંભળીને ફૂગુની મમ્મી ખડખડાટ હસી પડી. તેણે ફૂગુને કહ્યું.- “ફૂગુ, શિક્ષક બનવું હોય તો મોટા અવાજે બોલવું પડે. જો, બહેન કેટલા મોટા અવાજે બોલે છે. છેક છેલ્લી પાટલીએ બેઠેલા છોકરાઓને પણ સ્પષ્ટ સંભળાય છે. તારા મોઢામાંથી તો અવાજ જ નથી નીકળતો. તારાથી શિક્ષક કેવી રીતે બનાય ?”

આ વાત તો ફૂગુના ધ્યાનમાં ક્યારેય આવી જ ન હતી. તેણે પોતાની ડોક થોડી લાંબી-ટૂંકી કરીને પ્રયત્ન કરી જોયો પણ તેનાં ગળામાંથી અવાજ ન નીકળ્યો. તેને ખુબ નવાઈ લાગી. આજે તેણે નક્કી કર્યું કે, ગમે તેમ કરીને ગળામાંથી અવાજ કાઢતાં શીખી લેવું અને પછી શિક્ષક બનીને, નિશાળે આવીને બધાને નવું-નવું શીખવવું.

આમ વિચારીને ફૂગુ પોતાની રોજની ટેવ પ્રમાણે આગળ લટાર મારવા નીકળ્યું. ત્યાં તો એની નજર મંદીરની દીવાલ પર બેઠેલા કાગડાભાઈ પર પડી. તે તો કા...કા...કા... કરીને કાગારોળ કરતા હતાં. પૂજારીએ ત્યાં આંગણમાં થોડી ખીર નાખી હતી. તેથી કાગડાભાઈ પોતાના કાગ-મિત્રોને ખીર ખાવા બોલાવતા હતાં. ફૂગુએ કાગડાભાઈની જેમ ડોક ફૂલાવીને કા...કા... કરવાનો પ્રયત્ન કરી જોયો. પણ, તેના ગળામાંથી અવાજ ન નીકળ્યો. આમેય એને આ કાળા કાગડાભાઈનો કા...કા... અવાજ કર્કશ લાગતો હતો. તેથી તે થોડી દૂર જઈને બેઠું. પાસેના આંબાની ડાળીમાં પણ કાંઈક કાળા રંગનું દેખાયું અને અવાજ આવ્યો કૂંઉ...કૂંઉ. અરે, આ તો કોયલરાણી કુંજન કરતી હતી. ફૂગુએ ધ્યાનથી સાંભળીને ઠીક એવું જ કુંજન કરવાનો પ્રયત્ન કર્યો પણ તેના ગળામાંથી અવાજ ન નીકળ્યો.

ફૂગુ ત્યાંથી ઊડતું-ઊડતું આગળ ગયું. નીચે ટેકરી પરથી બેં...બેં... અવાજ આવ્યો. બધી બકરી બહેનો ઘાસ ચરતી હતી. વચ્ચે-વચ્ચે ડોળા પહોળા કરીને બેં... બેં... અવાજ કાઢતી હતી. આપણા ફૂગુભાઈએ પોતાની આંખો પહોળી કરીને અવાજ કાઢવાનો પ્રયત્ન કર્યો પણ તેમના ગળામાંથી અવાજ તો ન જ નીકળ્યો.

ફૂગુ ત્યાંથી આગળ સરોવરની પાળે જઈને બેઠું. ત્યાં તો બતકમાસી પોતાના

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

બચ્ચાંને લઈને ફરવા નીકળી હતી. બચ્ચાં પાણીમાં પંજા હલાવતાં જાય અને બક-બક અવાજ કરતાં જાય. સરોવરની પાળે પાણીનું ટીપું બાઝેલું હતું. ફૂગુએ પાણીનાં ટીપામાં પગ ઝબોળ્યા અને બક-બક અવાજ કાઢવાનો પ્રયત્ન કર્યો પણ અવાજ તો ન જ નીકળ્યો.

ત્યાં તો ઊપર આકાશમાંથી ગડગડાટ થવા લાગ્યો. ફૂગુએ ઊપર જોયું પણ ઊપર આકાશમાં તો કોઈ હતું જ નહીં તો પછી આ અવાજ ક્યાંથી આવતો હતો ? નજીકમાં સૂરજમુખીનાં ખેતરમાં તેના પપ્પા ફરતા હતા, તેમને પૂછવા ગયું – "પપ્પા આ આકાશમાંથી અવાજ કેમ આવે છે?" પપ્પાએ તેને સમજાવ્યું કે આ તો વાદળ ગર્જના કરે છે. નક્કી થોડીવારમાં વરસાદ પડશે. આ સાંભળીને ફૂગુને બહુ નવાઈ લાગી. આ રંગ વગરના વાદળોનો આવડો મોટો અવાજ? કેવા ધીરે-ધીરે હવામાં સરકે છે અને ગડગડાટ બોલાવતાં જાય છે. ફૂગુએ પણ ધીરે-ધીરે હવામાં ઉડતાં ઉડતાં અવાજ કાઢવાનો પ્રયત્ન કર્યો પણ તેનાથી અવાજ ન જ નીકળ્યો. એટલામાં દૂરથી ટેંહું... ટેંહુ... અવાજ આવ્યો. વરસાદ પડશે તેમ જાણીને મોરકુમાર પણ આનંદમાં આવી ગયા હતાં. તેમણે તેમના રંગબેરંગી પીંછા ખોલ્યાં, કળા કરી અને ડોક લાંબી કરીને ટેંહૂ.. ટેંહૂ.. કરવા લાગ્યા. ફૂગુએ પોતાની ફૂલગુલાબી પાંખો ખોલી, ડોક લાંબી કરી અને ટેંહુ.. ટેંહુ... કરવાનો પ્રયત્ન કર્યો પણ તેના ગળામાંથી તો અવાજ ન જ નીકળ્યો.

અકળાઈને ફૂગુ જરા દૂર ઊડતું-ઊડતું જંગલમાં પહોંચી ગયું. જંગલના રાજા સિંહ પોતાના કુટુંબ સાથે આરામ કરતા હતા. તેમનું એક બચ્ચું રમતાં-રમતાં થોડે દૂર પહોંચી ગયું હતું. પોતાના બચ્ચાને પાછું બોલાવવા સિંહે મોટી ત્રાડ પાડી. એવો જબરદસ્ત મોટો અવાજ હતો કે, જંગલનાં બધા પ્રાણીઓ ધ્રૂજી ગયાં. ફૂગુ તો આ ડણક સાંભળીને એટલું ગભરાઈ ગયું કે પાસેનાં ઝાડની બખોલમાં જ ભરાઈ ગયું. પણ આ શું ? આ ગૂંગૂં... ગૂંગૂં અવાજ ક્યાંથી આવે છે ? અરે, આ તો ભમરીકાકી પોતાનાં છોકરાંવને ગુંજારવ કરતા શીખવે છે. બધાં બચ્ચાં પાંખો હલાવતાં જાય અને ગુંજારવ કરતાં જાય. ફૂગુએ પણ પાંખો ફફડાવીને પ્રયત્ન કરી જોયો પણ ફૂગુનાં ગળામાંથી અવાજ તો ન જ નીકળ્યો.

થાકીને ફૂગુ ઘરે પાછું ફરતું હતું ત્યાં તો ઝાડ નીચે એક સાધુ આંખ મીંચીને બેઠા હતા. ધીમે-ધીમે એકધારું ૐ..ૐ..ૐ.. ઉચ્ચારણ કરતા હતા. ફૂગુને આ ૐકાર સાંભળીને એટલું બધુ સારું લાગ્યું, કે એની બધી અકળામણ દૂર થઈ ગઈ. એનું મન એકદમ શાંત થઈ ગયું અને તે નિરાંતે ઊંડતા-ઊંડતા પાછું ઘર તરફ જવા લાગ્યું. રસ્તામાં પાછી પેલી નિશાળ આવી. બધા છોકરાં બહાર ચોગાનમાં હરોળબંધ ઊભાં

સ્વ. ગોરધનદાસ કૃષ્ણલાલ પરીખ (કડી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

શાળાના વાર્ષિક ઉત્સવ માટે તેઓ નૃત્યની તૈયારી કરી રહ્યા હતાં. બાળકોનું આ સમૂહ–નૃત્ય જોવાની ફૂગુને બહુ મજા પડી. સૌથી આગળ ઊભેલા નૃત્ય–શિક્ષકને જોઈને બધા તેમના જેવું જ નૃત્ય કરતાં હતાં. બધી હરોળનાં બાળકો એક સરખું લયબદ્ધ નૃત્ય કરતાં હતાં. આ જોઈને ફૂગુનાં મનમાં એક વિચાર ઝબકયો. તે ખુશ થતું–થતું પોતાને ઘેર પાછું ફર્યું.

બીજે દિવસે તેણે પોતાના પતંગિયા–મિત્રોને ભેગા કર્યા. તેમને સૌને હરોળબંધ ગોઠવ્યા અને તેમને સમૂહ–નૃત્ય શીખવવા મંડી પડયું. શાળાનાં વાર્ષિકઉત્સવનો દિવસ આવ્યો. ફૂગુ પોતાના મિત્રોને લઈને સમયસર નિશાળે પહોંચી ગયું. સૌ પતંગિયાં નજીકમાં આવેલા ઝાડ પર ગોઠવાઈ ગયાં અને કાર્યક્રમ જોવા લાગ્યાં. શાળાનાં બાળકોએ સુંદર સમૂહ–નૃત્ય પ્રસ્તુત કર્યો, ગીતો ગાયાં અને છેલ્લે શિક્ષિકાબહેને સૌને સુંદર રજૂઆત બદલ અભિનંદન પાઠવ્યાં. શિક્ષિકાબહેન જેવા મંચ પરથી ઊતર્યા, કે તરત ફૂગુ અને તેના મિત્રો મંચ પર હવામાં હરોળબંધ ગોઠવાઈ ગયા. સૌથી આગળ ફૂગુ અને પાછળ હરોળબંધ બધાં રંગબેરંગી પતંગિયા. હવે શરૂ થયું પતંગિયાઓનું સમૂહનૃત્ય. ફૂગુ ઊપર ઉડે તો સૌ પતંગિયાં લયબદ્ધ રીતે એક સાથે ઊપર ઊડે. ફૂગુ ડાબે જાય, તો સૌ એક સાથે ડાબે અને જમણે જાય તો સૌ એક સાથે જમણે જાય. ફૂગુ ત્રણ વાર પાંખો ફફડાવીને હિલોળા લે, તો સૌ તેની જેમ જ નૃત્ય કરે. ફૂગુ ફુદરડી ફરે, તો સૌ તેની સાથે તાલ મિલાવીને તેના જેવી ફુદરડી ફરે. આખું આકાશ રંગબેરંગી પાંખોના લસરકાથી રંગાઈ ગયું. બાળકો, વાલીઓ અને શિક્ષકો બધા આટલું સરસ પતંગિયાંનૃત્ય જોઈને મુગ્ધ થઈ ગયાં. બાળકોના આનંદનો પાર ન રહ્યો. તેઓ આનંદથી ચિચિયારીઓ પાડવા લાગ્યાં. બધાએ ખૂબ તાળીઓ પાડી અને ફૂગુ અને તેના મિત્રોને વધાવી લીધાં.

પાસેનાં ઝાડ પર બેસીને ફૂગુનાં મમ્મી–પપ્પા અને તેમના સગા–સંબંધી પતંગિયાં પણ આ રંગીન સમૂહનૃત્ય જોતાં હતાં. નૃત્ય પત્યું એટલે ફૂગુ અને તેના મિત્રો ખુશીથી ઊડતાં–ઊડતાં તેમની પાસે પહોંચી ગયાં. ફૂગુ તો ખુશ થઈને મમ્મીની પાંખોમાં સમાઈ જ ગયું. મમ્મીએ હરખાઈને સૌ પતંગિયાઓને પૂછયું – "તમે આટલું સરસ સમૂહ–નૃત્ય કયાંથી શીખી આવ્યા?" સૌએ એક સરખી પાંખો ફફડાવીને નાચતાં–નાચતાં જણાવ્યું કે – "અમારા નૃત્યશિક્ષક તો ફૂગુભાઈ છે તેમના લીધે જ અમે આટલું સુંદર લયબદ્ધ નૃત્ય કરી શક્યાં." આ સાંભળીને ફૂગુભાઈ તો ખુશખુશાલ થઈ ગયા "જોયું મમ્મી, હું તો શિક્ષક બની ગયો. નૃત્ય–શિક્ષક" મમ્મીએ ફૂગુની પીઠ થાબડી અને શાબાશી આપી. "ફૂગુ, તેં અને તારા મિત્રોએ ખરેખર ખુબ સુંદર સમૂહનૃત્ય કર્યું. આવો પતંગિયાઓનાં

સ્વ. હેમંતભાઈ એચ. કાશીપારેખ પરિવારના જય શ્રી કૃષ્ણ.

સમૂહ-નૃત્યનો વિચાર તો આજ સુધી કોઈને ન હતો આવ્યો.” આ સાંભળીને ફૂગુ તો એટલું ખુશ થઈ ગયું કે, ખુશીથી હવામાં સાત ફુદરડી ફરી ગયું !

એ દિવસ પછીથી જયારે પણ નિશાળમાં, બાગમાં કે જંગલમાં રંગારંગ કાર્યક્રમનું આયોજન થાય, તો સૌ સમૂહ-નૃત્ય શિખવા માટે ફૂગુ-શિક્ષક પાસે જ જાય. ફૂગુ-શિક્ષક સૌથી આગળ ઊભા રહે અને તેમની પાછળ બધા હરોળબંધ ગોઠવાઈને એટલું અદ્ભુત નૃત્ય કરે કે, આખું વાતાવરણ સુંદર રંગોથી છલકાઈ જાય.

– ડો. સોરમ કોટિયા, વડોદરા



**મન**

આજે મને ફરી કવિતા લખવાનું મન થયું,
હ્રદય ના તારો ને ફરી ઝંઝોટવાનું મન થયુ,
આજે મને ફરી કવિતા લખવાનું મન થયું,
હ્રદયમાં ઉઠતા તરંગોને શબ્દો દેવાનું મન થયું,
આજે મને ફરી કવિતા લખવાનું મન થયું.
કિલ્લોલ કરતા બાળકોને જોઈ ફરી બાળપણમાં
સરી જવાનું મન થયું.
આજે મને ફરી કવિતા લખવાનું મન થયું.
કિશોરીઓના અલ્લડપણાને જોઈ ફરી એ
અલ્લડપણું અપનાવવાનું મન થયું,
આજે મને ફરી કવિતા લખવાનું મન થયું.
પુખ્ત વયના શાણપણ સાથે મજાકની
એ સરળતા માણવાનું મન થયું,
આજે મને ફરી કવિતા લખવાનું મન થયું.
મનમાં ઉઠતા મોજાઓ ને ઠરી ઠામ કરવાનું મન થયું,
આજે મને ફરી કવિતા લખવાનું મન થયું,
આજે મને ફરી કવિતા લખવાનું મન થયું.

– C.A. **અર્ચના પરીખ**

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી-અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

# ૧૬x૨૦



સવારથી જ ઘરમાં ચહલ પહલ હતી. ડ્રોઈંગરૂમમાંથી સોફા અને બધું જ ફર્નીચર ખસેડી નંખાયું હતું. મને નીચે સુવાડયો હતો. મને યાદ આવ્યું કે–હું તો પલંગમાં સૂતો હતો અહીં ક્યાંથી આવી ગયો ? સગા–વ્હાલા અને પાડોશીઓથી ઘર ઊભરાતું હતું. જગ્યાના અભાવે થોડા બહાર ઊભા હતા. "ઉત્તર દિશા તરફ મસ્તક રાખો" કોઈ બોલ્યું બે જણ મને ઊંચકીને એમ કરવા ગયા, બાજુવાળા બંસીલાલે કહ્યું, "પહેલા ચોકો તો કરો !" બોલતાં એમનું મોં કટાણું થઈ ગયું. "આજકાલના જુવાનિયાઓને વિધિનું કંઈ ભાન જ નથી.!"

"જા બચુડા, નીચેથી થોડું છાણ લઈ આવ."

"છાણ તૈયાર જ છે, કાકા"–ફરી પાછું કોઈ બોલ્યું. હું તો એક ખૂણામાં બેઠો બેઠો બધું જોઈ રહ્યો હતો હજુ મારી સમજમાં ન હોતું આવતું કે આ બધું શું થઈ રહ્યું છે !!! ચોકો નંખાઈ ગયો ને મસ્તક ઉત્તર દિશા તરફ રાખીને ચાર જણે ઊંચકીને મને સૂવાડી દીધો. "નનામીનું શું છે ?" ચંપકકાકાએ અકળાઈને પૂછયું.

"બે જણને મોકલ્યા છે. બસ, આવતા જ હશે." મારા ભત્રીજાએ દબાયેલા સ્વરે કહ્યું – એટલામાં બે જણાં નનામી લઈને આવી ગયા, એક કપડું પાથરી મને નનામી ઉપર સૂવાડી દીધો. "બધો સામાન તો બરાબર છે ને ? કાંઈ ખૂટશે તો પાછું દોડવું પડશે, ને બધાનો ટાઈમ બગડશે." ચંપકકાકાની અકળામણ હજુ ઓછી થઈ ન હોતી. કાકા આખો સેટ તૈયાર જ હોય છે. નનામી લેવા જનારામાંથી એક બોલ્યો. મને નનામી ઉપર સૂવાડી દીધો. મારી ઉપર સફેદ કપડું ઓઢાડયું. પહેલા નાડાછડી બાંધી, ને પછી નનામી સાથે આવેલી દોરી બાંધવાની શરૂઆત કરી. "ડોબા, દોરીને પહેલા પાણીમાં પલાડ, નહીં તો દોરી તૂટી જશે, ને તારો આ કાકો રસ્તામાં જ પડશે." મારા ભત્રીજાને ટોકતાં ચંપકકાકાએ કહ્યું મને લાગ્યું કે આવી વિધિમાં ઘણાં લોકો કુશળ હોય છે. હું હજુ ખૂણામાં બેસીને જ બધું જોયા કરતો હતો. નનામી બંધાતી જતી હતી. "દોરી ખેંચ હજુ બચુડા, ઢીલી બંધાય છે." –ફરી ચંપકકાકાએ સલાહ આપી.

સ્વ. હરીશભાઈ રસીકલાલ પરીખ (ભરૂચ) પરિવારનાં જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

"અલ્યા ભઈ ! આખી જિંદગી તો કોઈએ મને એક ઈંચ ચસકવા નથી દીધો. હવે હું ક્યાં ભાગી જવાનો હતો ?" હું મનોમન બબડયો.

"શ્રીફળ ક્યાં છે ? ચાર શ્રીફળ નનામીના દરેક છેડે ને એક છાતી પર બાંધવાનું છે" ચંપકકાકાનો અનુભવ બોલતો હતો. "બસ, મોં ખુલ્લું રાખો હવે જે આવે, તને અંતિમ દર્શન માટે." હું પૂરેપૂરો બંધાઈ ગયો હતો. જરા પણ ચસકી શકાય નહીં એવી રીતે ફક્ત મોં જ ખુલ્લું હતું.

મારી નજર મારા સગા–સ્નેહીજનો ઉપર પડી. મારો દીકરો અમેરિકાથી આવ્યો હતો, તેની સાળીના ઘેર કોઈ પ્રસંગમાં. બે દિવસ પછી તો એ જવાનો હતો. એને માટે તો એક ઉપર એક પ્રસંગ ફ્રી હતો. સમય, રજાઓ અને ખર્ચમાં ભારે બચત! મોં ઢીલું કરીને બેઠો હતો. તેનો બાર વર્ષનો પુત્ર, જેને માટે જિંદગીમાં આવો પ્રસંગ પહેલી જ વાર જોવાનો સમય આવ્યો હતો, તે આખી વિધિની વિડીયોગ્રાફી કરી રહ્યો હતો. મારી પુત્રવધૂ મોં કટાણું કરીને વારે વારે મારા દીકરા સામે જોતી હતી, ક્યારે છૂટીશું આમાંથી? એ ભાવથી !! મારી પાંચ બહેનો ને એક ભાઈ, બધા જ આવી ગયાં હતા, એમના પરિવાર સાથે. મોટા બે બનેવીઆને ચાની તલપ લાગી હતી, તે ચા પીવા ગલ્લે ગયા હતાં, ને સાથે તમાકુનો મસાલો ખાવા. ત્રીજી બહેનનો પતિ પાંચ વર્ષ પહેલાં જ અવસાન પામ્યો હતો ને ચોથીનો પતિ સીધો સાદો એક બાજુ હતભ્રમ થઈને બેઠો હતો. નાનીનો પતિ, પત્નીને રડતી અટકાવવાનો નિષ્ફળ પ્રયાસ કરતો હતો.

ખરા આંસુ તો ફક્ત બે જ જણની આંખોમાંથી પડતાં હતાં. મારી સૌથી નાની બહેન ઉમા, જે મને ખૂબ વ્હાલી હતી. તેના ભણતરથી માંડીને લગ્ન સુધીનો તમામ ખર્ચ મેં કર્યો હતો. અને મારી દીકરી રેણુ, જે મને મારા પ્રાણથી પણ વ્હાલી હતી. હજુ બે વર્ષ પહેલાં જ એના લગ્ન કર્યા હતા. મારા ચેતનવિહીન શરીર ઉપર માથું પછાડી પછાડીને રડતી હતી. ત્યાં મને યાદ આવી મારી પત્ની, જે આ રૂમમાં ક્યાંય દેખાતી નહોતી, મેં રૂમની દિવાલમાંથી સરકીને જોયું, તો બીજી સ્રીઓ સાથે એ બાજુના રૂમમાં બેઠી હતી. પગની તકલીફને કારણે તે ખુરશી ઉપર બેઠી હતી. રડી રડીને કદાચ એના આંસુ સુકાઈ ગયા હશે. એની કોરી આંખો હતી. ચાલો, મારાથી છૂટી, પાંત્રીસ વર્ષના દામ્પત્યજીવનથી આજે અમે છૂટા પડયા. એની આંખોમાં હાશ છૂટયા ! કે પછી મને ગુમાવ્યાનો અફસોસ હતો, એ કળાતું ન હતું. આમેય સ્રીઓને કોણ કળી શક્યું છે !!!

અંતિમ દર્શન માટે મારા મૃત શરીરની પ્રદક્ષિણા ચાલુ થઈ ગઈ હતી. કોઈ ફૂલ, તો

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

કોઈ ફૂલમાળા ચઢાવતું હતું. કોઈની આંખ ભીની હતી, તો કોઈના મોં ઉપર કંઈ જ ભાવ ન હતો. ઘણા બધા કંટાળાથી ઊભા હતા. વારંવાર સમય જોતાં હતાં. ક્યારે કાઢી જવાના છે ? કોઈ બોલ્યું છૂટા થઈએ. બાકીનું વાક્ય મનોમન પુરુ કર્યું, જે માત્ર મને જ સંભળાયું.

"ડેડ બોડી વાન આવી ગઈ છે. ચાલો, નનામી ઊંચકો." નનામી ઊંચકાઈ ને ચાર ખભા ઉપર ગોઠવાઈ અને મને મારા જ ઘરમાંથી બહાર કાઢવામાં આવ્યો સ્મશાન આવી ગયું. ને મારી આ અંતિમ યાત્રા પૂર્ણ થઈ. "લાકડાની ઝંઝટ કરવા કરતાં ઈલેક્ટ્રીકમાં જ લઈ લો, જલદી પાર આવશે, સાથે સાથે પર્યાવરણને પણ નુકસાન ઓછું થશે." મારા બંને મોટા બનેવીઓએ ચંપકકાકા સાથે મસલત કરીને કહ્યું, જલદી બધા છૂટા થાય. મારો નશ્વર દેહ ઈલેક્ટ્રીક ભઠ્ઠીમાં ધકેલાઈ ગયો. અડધાથી વધુ સંબંધી – સ્નેહીજનોએ તો પાંચ મિનિટમાં વિદાય લઈ લીધી. મારા દીકરાને મળેલી સૂચના પ્રમાણે તેણે બે હાથ જોડી, બાકીનાઓને પણ વિદાય લેવાનું કહ્યું, ને બધાના ચહેરા ઉપર હાશકારો દેખાયો. બાકી રહ્યા ઘરના પંદર સગા બે કલાક પછી મારા અસ્થિ લઈને એ લોકો પણ ઘર ભણી પ્રયાણ કરી ગયા.

* * *

ગઈકાલે નક્કી થયા પ્રમાણે આજે સવારે મારું બેસણું હતું. વર્તમાનપત્રમાં આપેલી બેસણાની જાહેરાતમાં સમય સવારે ૮ થી ૧૦ નો છપાયો હતો, એટલે ઘરના સભ્યો પોણા આઠ વાગે સફેદ કપડામાં સજ્જ થઈ ગયા હતા. અર્જન્ટ બેઝ ઉપર મારો ૧૬x૨૦ નો ફોટો પણ તૈયાર થઈ ગયો હતો, જે ગુલાબના હારની સુગંધથી મઘમઘતો હતો. અગરબત્તી અને ઘીનો દીવો પણ તૈયાર હતા. આઠ વાગ્યાથી લોકોના આવવાની શરૂઆત થઈ...

"અચાનક શું થઈ ગયું ?" મારા એક સ્નેહી એ મોટા બનેવીને પુછયું "સવારે તો અમારી સાથે લાફીંગ ક્લબમાં સાથે હતા, ને એ પછી બગીચામાં અમે સાથે જ ચાલ્યા. ઘણી બધી વાતો કરી. શું કોઈ ટેન્શન...??" "ના – ના ! કોઈ ટેન્શન નહીં. કાલે સાંજે છાતીમાં દુ:ખાવો થયો, ને પછી દુ:ખાવો વધ્યો, એટલે હોસ્પીટલમાં લઈ ગયા. ટ્રીટમેન્ટ ચાલુ જ હતી, પણ એમણે કહ્યું કે મારે તો ઘેર જ જવું છે, ને પછી તો ઘેર જવાની રીતસર જીદ જ પકડી. રાત્રે ઘેર પાછા લાવ્યા ને વહેલી સવારે તો દેહ મૂકી દીધો. બહુ ભગવદીય જીવ. એમના જેવો માણસ ન મળે." મારા બનેવીની વાત સાંભળીને

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.

હું આભો બની ગયો. છેવટે નાટકનાં જીવ !!

ધીમે ધીમે બેંકનો સ્ટાફ આવવા માંડયો જેમની સાથે વર્ષો સુધી નોકરી કરી હતી. એ સ્ટાફના કેટલાક જણાંએ અહીં સુધી આવવાનું સૌજન્ય દાખવ્યું હતું.

"શાહ સાહેબ, માણસ નીતિવાન અને સિધ્ધાંતવાળા" ત્રિવેદીએ કહ્યું "અરે, એવા સિધ્ધાંતોને કરવાનું શું ? છેલ્લા દસ વર્ષ લોન ખાતામાં રહ્યા, પણ એક રૂપિયો નથી લીધો કે નથી કોઈને લેવા દીધેલ." પટેલે અકળામણ કાઢી.

"બેંકને એમના જેવો નિષ્ઠાવાન, પ્રામાણિક અને કર્તવ્યનિષ્ઠ બીજો માણસ નહીં મળે" રાવલે કહ્યું. રાવલ મારા હાથ નીચે તૈયાર થયેલો અને મેં તેને કામમાં ઘણી મદદ કરી હતી, એટલે તેને મારા માટે વિશેષ લાગણી હતી.

"ચાલીસ વર્ષની એમની નોકરીમાં એક ડાઘ પણ પડવા નથી દીધો." ત્રિપાઠીએ કહ્યું "જિંદગીભર સિધ્ધાંતોને વળગી રહ્યા. કરકસર અને સાદગી સભર જીવન જીવીને હજુ ગયા મહીને જ રીટાયર થયા. સાલુ, સાઠ વર્ષ તે મરવાની ઊંમર છે ??" ત્રિપાઠીની આંખોમાં ઝળઝળિયા આવી ગયા. પડછંદ શરીર, પૂરી છ ફૂટ હાઈટ, જિંદગીમાં ક્યારેય માંદગી આવી હોય ને લાંબી રજા ઉપર ગયા હોય, એવું યાદ નથી. એટલામાં અમારા જનરલ મેનેજર આવ્યા. પાંચ મિનિટ બેઠા, ને નક્કી કર્યું કે શાહ સાહેબની શોકસભા રાખવી, ને એ પછી સૌ વિદાય થયા.

હું જોઈ રહ્યો હતો. સગા, સંબંધી, મિત્રો, પરિચિતો આવતા હતા. ને બે-પાંચ મિનિટમાં ઊભા થઈ, બે હાથ જોડીને જતા હતા. ઘણાના ચહેરા ઉપર દુઃખ હતું. ઉદ્વેગ હતો. તો ઘણાં માત્ર ઔપચારિકતા બતાવવા, કોઈ જ ભાવ વગર આવ્યા હતા.

સાધના, તારે હવે અહીં એકલા રહીને કરવાનું ય શું ? છોકરીઓ તો બધી બહારગામ પરણેલી છે. દીકરાની સાથે અમેરીકા જતી રહે, કાકીએ મારી પત્નીને સૂચન કર્યું. એમ જ વિચાર્યું છે. એવા ભાવ સાથે મારી પત્નીએ આંખની પલક ઝબકાવી.

અને છેવટે મારા નામ આગળ સ્વ. લખાઈ ગયું. સ્વ. શ્રીકાંત દામોદર શાહ અને પહાડ જવો હું, એક સોળ બાય વીસના ફોટામાં સમાઈ ગયો.

**- ઉદય શાહ, મો. ૯૮૨૫૫૫૩૮૩૫**
**અમદાવાદ**

સ્વ. વિદ્યાબહેન રસિકલાલ શાહ (કડી)ના જય શ્રી કૃષ્ણ.-હ. પ્રેરણાબેન કે. પરીખ

# આફ્રિકન ડાયરી – જાપાનની મુલાકાત



( Amritlal Vayda, age 70, presently retired and staying in Borivali, Mumbai. Originally from Kutch Mandvi completed engineering from V.J.T.I, Mumbai and was awarded B.E. (Mech) (Hons) in 1973. After working about seven years in a plastic packaging unit in Mumbai, joined a company in Lagos, Nigeria (West Africa))

(મારા ચૌદ વર્ષના લાગોસ (નાઈજીરીયા–વેસ્ટ આફ્રિકા)ના વનવાસ દરમ્યાન થયેલા અનુભવો – સંસ્મરણોને "આફ્રીકન ડાયરી"માં સમાવેશ કરવાનો પ્રયત્ન કરેલ છે. આશા છે કે આપ સૌને પસંદ પડશે.)

ડિસેમ્બર, ૧૯૭૯ની એક સાંજ. હાથમાં છાપું અને ચાના કપ સાથે મારા મલાડના ફ્લેટમાં બેઠો હતો. ઘરનાં બધા બહાર ગયા હતા. ત્યાં અચાનક ડોર બેલ રણકી. ઉભો થઈ દરવાજો ખોલ્યો. સામે રજનીભાઈ ઉભેલા હતા. સાથે બે મોટી બેગો અને એક મોટુ કાર્ટન જેમાં શાર્પનો ટુ ઈન વન હતો. રજનીભાઈને આવકાર આપી સામાન અંદર લીધો.

રજનીભાઈ અને હું બંને એક જ કંપનીમાં સર્વિસ કરતા હતા. એમણે ત્રણેક વર્ષ પહેલાં કંપની છોડી દીધેલ. તે પછી આજે પહેલી વાર આ રીતે મળ્યા. મારી સર્વિસ એ જ કંપનીમાં હજુ ચાલુ હતી.

બે–એક વર્ષ પહેલાં રજનીભાઈ લાગોસમાં એક સિંધી કંપનીમાં જોડાયા હતા અને હાલ રજાપર ભારત આવ્યા હતા. ઔપચારિક વાતચીત પછી રજનીભાઈએ એક કાગળ મારા હાથમાં મૂક્યો. કાગળમાં વાલકેશ્વરનું કોઈ એડ્રેસ હતું. મને કહે તમે અહીં મળી આવો. તમારા માટે નોકરીની ઓફર લાગોસ માટે લાવ્યો છું. તમારે મારી સાથે જ લાગોસ ચાલવાનું છે. હું દ્વિધામાં પડી ગયો. મેં કહ્યું હજુ હમણાં જ મારા લગ્ન થયેલ છે અને ત્યાં આવવું શક્ય નથી.

ત્રણેક દિવસ મારે ત્યાં રોકાઈ રજનીભાઈ તેમના વતન કચ્છ જવા ઉપડ્યા. તે પછી આફ્રિકા જવાની ઘેલછા મારા મનમાં ઘર કરી ગઈ. સમય કાઢી વાલકેશ્વર

સ્વ. શાંતાબહેન કનૈયાલાલ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબહેન કે. પરીખ

એડ્રેસ ઉપર કંપનીના ડાયરેક્ટરને મળી આવ્યો. ચાર ગણો પગાર, કાર, ઘર અને અન્ય સગવડો. પરંતુ તાત્કાલિક જોડાવાની ઓફર. હાલ તો તાત્કાલિક જોડાવું શક્ય ન હોવાથી 'ભવિષ્યમાં તક મળશે તો જરૂર આવીશ' એમ કરી વાતચીત પુરી કરી.

તે પછી આફ્રિકા જવાની ઘેલછા તીવ્ર બની. ટાઈમ્સ ઓફ ઈન્ડીયામાં જોબ ઓફર વાંચી અરજી કરવાનું શરૂ કર્યું. કેટલીક જગ્યાએ ઈન્ટરવ્યુ પણ આપી આવ્યો. પરંતુ વાત જામતી ન હોતી.

ત્રણેક વર્ષનો સમય વીતી ગયો. આફ્રિકા લગભગ ભુલાઈ ગયું હતું. ભગવાનની કૃપાથી ફેમીલીમાં મેમ્બરનો વધારો થયો હતો. બેબી બે વર્ષની થઈ હતી અને બાબો બે મહિનાનો. બાબાના જન્મ પછી તરત જ પોસ્ટમાં આફ્રિકાની બે ઓફર મળી. બંને જગ્યાએ ઈન્ટરવ્યુ આપી આવ્યો. એક પ્રખ્યાત સિંધી કંપની અને બીજી લંડનસ્થિત ગુજરાતી પેઢી જેની વિશ્વમાં લગભગ સોએક ફેક્ટરી હતી. બંનેની ઓફર લગભગ સરખી હતી. સિવાય ગુજરાતી પેઢીની ઓફરમાં પહેલા એક મહિના માટે જાપાન ટ્રેનીંગમાં જવાનું હતું. સ્વાભાવિક રીતે જાપાન જવાની ઓફર વધારે લલચામણી હતી.

મનોમન નક્કી કર્યું કે હવે તો આફ્રિકા જવું જ છે. માત્ર એક જ મુશ્કેલી હતી. જે ફ્લેટમાં રહેતો હતો તે ફ્લેટ મારી હાલની કંપનીએ રહેવા આપ્યો હતો અને બંને ઓફરમાં પહેલા છ મહિના એકલા જવાનું હતું. છ મહિના પછી જ ફેમીલીને બોલાવી શકાય. ઘરમાં અને સગાવ્હાલાઓને વાત કરી. મારા સસરાએ તરત જ મારા ફેમીલીને છ મહિના એમને ત્યાં રાખવાની વાત કરી.

આમ, જાપાન અને પછી લાગોસ એ ઓફર સ્વીકારી અને ૧૯૮૨ના જુલાઈમાં કેથેપેસીફીકની ફ્લાઈટમાં મુંબઈ–ટોક્યો–વાયા હોંગકોંગ જાપાન પહોંચ્યો.

ટોક્યો મહાનગરમાં જુની સંસ્કૃતિ હજુ પણ સચવાયેલી છે. જાપાનનું સૌથી પ્રખ્યાત મંદિર સેન્સો–જી ટોક્યોમાં આવેલું છે. આ મંદિરમાં 'કેનન'ની સોનાની મૂર્તિ છે. આ મંદિરની ગલીઓમાં ગ્રીન ટી આઈસ્ક્રીમની મજા લઈ શકો છો અને 'કિમોનો' (સ્રીનો પહેરવેશ) ખરીદી શકો છો.

ટોક્યોનું બીજું પ્રખ્યાત સ્થળ છે–ગિન્ઝા. અહીં દુનિયાભરની કંપનીના સ્ટોર્સ આવેલ છે. આને સિંગાપોરની ઓર્ચાડ સ્ટ્રીટ સાથે સરખાવી શકાય. તે સિવાય કાબુકી અને સુમોમાં સાંસ્કૃતિક અને સ્પોર્ટસ્‌ના શો ભજવાય છે.

ટોક્યોના નરિતા એરપોર્ટ પર ઉતર્યા બાદ એરાઈવલ હોલમાંથી બહાર આવી ઉભો રહ્યો. ટેલેક્ષના મેસેજ મુજબ મારા નામનું બેનર છાતીએ લગાવેલું. થોડા

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ

સમય બાદ એક જાપાનીઝ ભાઈ સામે આવી ઉભા રહ્યા. ઔપચારિક વાતચીત પછી ટેક્સીમાં હોટેલ રૂમ પર પહોંચ્યા. રાત પડી ગઈ હતી. ફરી બીજે દિવસે મને લેવા આવશે એમ કહી મી. ટાકાસાકીએ વિદાય લીધી.

બીજે દિવસે સવારે રીસેપ્શનમાંથી ફોન આવ્યો. હું રીસેપ્શનમાં પહોંચ્યો. ઘણા બધા જાપાનીઝ બેઠા હતા. મને બધા મી. ટાકાસાકી જ દેખાણા. તેમને ઓળખી ન શક્યો. પરંતુ મી. ટાકાસાકી થોડી વારમાં મારી પાસે આવી ગયા.

જાપાનમાં વેજીટેરીયન ફૂડ મળવું લગભગ અશક્ય છે. સિવાય કે ટોક્યોમાં કેટલીક ભારતીય રેસ્ટોરન્ટમાં મળી શકે. મને ભોજન બાબતે બહુ મુશ્કેલી પડેલી. ક્યાંક બાફેલા બટાટા, રીંગણા વિગેરેથી ચલાવવું પડેલુ.

ટોક્યોથી લગભગ ત્રણ કલાકે નાગાનો શહેર આવેલું છે. અહીં મારે કંપનીના ગેસ્ટ હાઉસમાં રહેવાનું. સદ્ભાગ્યે આ ગેસ્ટહાઉસના કૂકને ભારતીય ફૂડનો થોડો અનુભવ હતો. તે મારે માટે પુલાવ બનાવી આપતો. તે સિવાય તાજા ફળ, દૂધ, બ્રેડની આઈટમો, જ્યુસ વિ. થી ચલાવવું પડતું. નાગાનોની એક હોટલમાં મેં વેજીટેરીયન ફૂડ માટે કહ્યું તો મને લોબસ્ટરની વાનગીઓનું મેનું આપ્યું !

જાપાનના મારા એક મહિનાના રહેવાસ દરમ્યાન થયેલા અનુભવો અને જાપાન વિષેની માહિતી વાયડા મિત્રના સંવત ૨૦૩૯ના કારતક – માગશર (વર્ષ ૬૧ : અંક ૧–૨) અને માહ (વર્ષ ૬૧, અંક–૩)ના અંકમાં છપાયેલ છે.

આફ્રિકા જતા પહેલાનાં અનુભવો અને નૈરોબીની મુલાકાત વિષે હવે પછીના અંકમાં.

**– અમૃતલાલ વાયડા**
**બોરીવલી, મુંબઈ**
M -9821463795, Email – amvayda@yahoo.com



# આઠમો સુર



એય નીલુ... તારા આ છોકરાને ચૂપ કરાવ ભાઈ! મને બહુ ડિસ્ટર્બ થાય છે. તને કેટલી વાર કહ્યું છે કે આને ન લઈ આવતી! તન્વીનાં મોઢામાંથી એક કંટાળાભર્યો સિસકારો નીકળી ગયો.

વાત જાણે એમ હતી કે નીલુ તન્વીની મેઈડ હતી. (સામાન્ય વર્ગનાં લોકો કામવાળી રાખે, ધનવાનોને ત્યાં મેઈડ હોય!) તન્વીનો ત્રણ વર્ષનો પુત્ર ટીપુ પણ ઘણી વાર મા સાથે તન્વીને ત્યાં આવતો. તન્વીનાં દોમદોમ સાહ્યબીથી ભરેલાં મહાલયને મુગ્ધ નજરે જોતો રહેતો. જો કે નીલુએ બંગલાની કોઈ પણ વસ્તુને અડવાની ટીપુને સ્પષ્ટ ના કહી હતી. મહાલયનાં દિવાનખંડની વચ્ચોવચ્ચ ઝૂલતું કલાસિક ઝુમ્મર તો ટીપુ માટે આશ્ચર્યોનો ભંડાર હતું. તન્વીએ ખાસ બેલ્જિયમથી મંગાવ્યું હતું.

તન્વી કોટિપતિ બિઝનેસમેન નક્શ ઝુનઝુનવાલાની નખશિખ સુંદર, તેજસ્વી અને કોકિલકંઠી પત્ની હતી. સંગીતની દુનિયામાં એક ટોચનું નામ હતી. ડી.એન.એ.માંથી જ જે સંગીતની ગજબની સૂઝ લઈને આવેલી તન્વીની પ્રગતિ ઉત્તરોત્તર થઈ રહી હતી. સંગીતના જલસાઓમાં જવું, સંગીતનાં એવોર્ડ ફંકશનમાં હાજરી આપવી–એ તેના સ્ટેટ્સ સિમ્બોલની સાથે આ મોંઘેરા શોખનાં અંગ પણ હતાં. લોકો તન્વીને સાંભળવા આતુર રહેતાં.

આજે એટલે જ તે નીલુ પર બરાડી હતી. વસ્તુતઃ તે સિતાર અને તાનપુરા સાથે એકધ્યાન થઈને જગજિત ચિત્રાને સાંભળી રહી હતી. નિદા–ફાઝલીના શબ્દે–શબ્દને છૂટો પાડીને પી રહી હતી. ત્યાં ટીપુ ભીની ફર્શ પર લપસીને પડયો. તેનાં આક્રંદથી આખો દિવાનખંડ ભરાઈ ગયો. ટીપુને કપાળે ઢીમચુ ઉપસી આવ્યું. ઝટપટ નીલુ તેને તેડીને બહાર નીકળી ગઈ. મેમસાબનો ગુસ્સો જોઈને બિચારા નાનકડા ટીપુને એક લપાટ લગાવી દીધી. આંખો કાઢીને ધમકાવ્યો. 'અંધો છે કે શું? જોઈને હાલતો જ નથી નાલાયક...'

બે ક્ષણ પછી તેનું માતૃહ્રદય રડી ઉઠયું. અરર! બિચારા ટીપુડાને મેં મારી લીધું. તેને

રીલીફ સિનેમા, અમદાવાદ (ઈન્દુભાઈ ડી. શાહ એન્ડ બ્રધર્સ)ના સૌજન્યથી.

પંપળાવાને બદલે, તેને ચૂપ કરાવવાને બદલે મેં તેના પર હાથ ઉપાડયો. હે ભગવાન મને માફ કર. મારા આ રાંકના રતનની રક્ષા કરજે પ્રભુ !

રસોડામાં જઈને મહારાજ પાસેથી તેલ માંગીને ટીપુના કપાળ પર હળવે હળવે ઘસી દીધું. મહારાજને દયા આવી ગઈ. બોલ્યા "નીલુ બેટા – ધ્યાન રાખીએ ક્યાંક છોરાને વધુ વાગી ગયું હોત તો ?" ટીપુડાને તેણે બે બિસ્કિટ આપ્યાં. નાનકડો ટીપું પોતાનો માથાંનો દુ:ખાવો ભૂલીને બિસ્કિટ ચાવવામાં મશગૂલ થઈ ગયો. તેને છાતીએ ચાંપીને નીલુએ ચૂમી લીધો. આંખમાં આંસુ આવી ગયાં. અચાનક તેને યાદ આવ્યું કે તે પોતાં અધૂરાં મુકીને આવી છે. ટીપુને ત્યાં જ છોડીને તે કામે લાગી ગઈ.

આ બાજુ નાનકડાં બાળક પ્રત્યે સહાનુભૂતિ બતાવવાને બદલે તન્વીનો મૂડ ખરાબ થઈ ગયો. રિયાઝ પડતો મૂકીને તે બાલ્કનીમાં જઈને ઉભી રહી ગઈ. વિચારવા લાગી આવતીકાલે તો તેને લખનૌ જવાનું છે. ત્યાં બહુ મોટો જલસો એમ.એમ.વી. કંપનીએ ગોઠવ્યો છે. નામાંકિત કલાકારો તેની કલાનું કામણ પાથરવાના છે. આજે રિયાઝ કરવો અનિવાર્ય હતો પણ ઉફ ! આ ટીપુડો ! કેવી ચીસો પાડે છે મારું બાળક હોય તો એક લગાવી દઉં ! (નીલુએ પણ એક લગાવી જ દીધી હતી!) તરત જ અંદરના એક અજાણ્યા ખૂણેથી અવાજ આવ્યો – પણ તારે બાળક છે જ ક્યાં?

એ અવાજને જરાય ન ગણકારીને તન્વી જમવા ચાલી ગઈ.

વાસ્તવમાં તન્વી એક અત્યંત મહત્ત્વકાંક્ષી સ્ત્રી હતી. સંગીતક્ષેત્રે ઉચ્ચતમ આસન મેળવવું એ તેની મહેચ્છા હતી. હકીકતમાં એ આસન હવે બહુ દૂર પણ ન હોતું. સંગીતક્ષેત્રે તેની જે નામના થતી જતી હતી તે જોતાં એ દિવસો બહુ દૂર નોતા કે તન્વી શાસ્ત્રીય સંગીતક્ષેત્રે મહત્તમ ઊંચાઈએ બેઠી હોય. સંગીતે તેને લગભગ બધું જ અપાવ્યું હતું. કીર્તિ અને કલદાર તો તેના ખોળે રમતાં જ હતાં. જીવનસાથી પણ સંગીતે જ અપાવ્યો હતો.

વસ્તુત: દિલ્હીમાં યોજાયેલા એક સંગીત સમારોહમાં ચીફ ગેસ્ટ તરીકે યુવાન અને સંગીતરસિક નકશ ઝુનઝુનવાલા હતો. એક સફળ ઉદ્યોગપતિ હોવાની સાથે તે ઉભરતા કલાકારોને પ્લેટફોર્મ પુરૂં પાડવા પણ સદાય પ્રયત્નશીલ રહેતો. સમારોહમાં તે અત્યંત સ્વરુપવાન અને મીઠાની ગાગર જેવી તન્વી પ્રત્યે આકર્ષાયો તો નમ્ર વિવેકી અને છટાદાર નકશને જોતા જ તન્વીનાં હૃદયે પણ અલગ જ સૂર છેડયા. બંનેના પરિવારોએ પણ આ સંબંધ સહર્ષ સ્વીકારી લીધો. બંને એકબીજાને ઓળખીને પછી જ લગ્નગ્રંથિથી

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

જોડાયાં. શ્રી અને સરસ્વતીનું મિલન થયું.

તન્વી–નકશ બંને પોતાની કારકીર્દીનું મહત્ત્વ સમજતાં હતાં. પરિવારને આગળ વધારવાની કોઈ ઈચ્છા હાલ તો તન્વીને ન હતી. નકશે પણ આ વાતને માન્ય રાખી હતી. લગ્નનાં બે વર્ષમાં માં બની જતી યુવતી તન્વીને મૂર્ખ લાગતી.

સમય તો સાપની ગતિની જેમ ઝડપથી સરકતો જતો હતો. બે વર્ષ... પાંચ વર્ષ...

સુબહ આતી હૈ શામ જાતી હૈ.
વકત ચલતા હી રહતા હૈ, રુકતા નહીં
એક પલ મેં યે આગે નિકલ જાતા હૈ
આદમી ઠીક સે દેખ પાતા નહીં.
ઔર પરદે પે મંજર બદલ જાતા હૈ.
એકબાર ચલે જાતે હૈં, જો દીન–રાત સુબહ–શામ,
વો ફીર નહીં આતે...

તન્વી આ શબ્દોમાં ઝબોળાઈ જતી પણ જીવનમાં તેનો અર્થ ન સમજતી. તેનાં વડીલો તો તન્વીના ખોળામાં બાળક જોવાની ખેવના સેવતાં – સેવતા જ દુનિયા છોડી ગયાં. બિચારાં સાસુમાં તો તન્વીને કદી કંઈ કહી જ ન શક્યા. તેને લાગતું કે રખેને પોતે તન્વીને પ્રગતિના પથ પર વિઘ્ન જેવા લાગે ! મમ્મીએ એકાદવાર કહી જોયું તો તન્વીએ સોઈ ઝાટકીને પોતાના ફ્યુચરની દુહાઈ આપી દીધી હતી. સાસુમાંના ગયા પછી છ મહીનામાં તો મમ્મી પણ ચાલી ગઈ !

તન્વી શમસાદ બેગમ, મુહમ્મદ રફી (સાચો ઉચ્ચાર મુહમ્મદ છે અન્ય કોઈ નહીં.) ઉ. બિસ્મિલ્લાહ ખાં, કીશોર અમોનકર, લતા મંગેશકર, ભૂપેન હઝારિકા, પં. ભીમસેન જોશીના સૂરોમાં ખોવાતી ગઈ. ખોવાતી જ ગઈ. પં. હરીપ્રસાદ ચૌરસિયાને સાંભળતી હોય ત્યારે તો તે જમવાનું પણ ભૂલી જતી. નકશ તેના ઈમ્પોર્ટ–એકસપોર્ટના હિસાબ, ટર્નઓવરનાં વર્તુળમાંથી જ ઉંચો ન આવતો. જીવનમાં બધું જ હતું. વર્ષે દહાડે નકશ પોતાની સૂરીલી પત્નીને લઈને ફોરેન ટુર પર પણ જતો. ઢગલાબંધ શોપીંગ થતું. હા, એક પણ રમકડુ ન લેવાતું. પણ તન્વીને તેનો કોઈ રંજ ન હોતો. તેનાં સગાંઓનાં બાળકો માટે પણ તે ઢીંગલા–ઢીંગલીની જગ્યાએ ડ્રમસેટ અને માઉથ ઓર્ગન જ ખરીદતી.

એક વખત ભરબપોરે એક ફિલ્મનો પ્રીમીયર શો પતાવીને બંને પાછાં ફરી રહ્યા

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

હતાં. અચાનક નકશને બેંકમાં કંઈક કામ યાદ આવ્યું. કારને રસ્તાની બાજુમાં પાર્ક કરીને તે બેંકમાં ગયો. મોંઘીદાટ કારમાં વિદેશી મ્યુઝિક પ્લેયર પર એસ. સુબ્બુલક્ષ્મીનો સ્વર્ગીય સ્વર વહી રહ્યો હતો. એ.સી. ચાલુ હોવાથી કાચ બંધ હતા.

તન્વીની નજર સામેના રોડ પર ફૂટપાથ પર બેઠેલી સ્ત્રી પર ગઈ. તે જોતી જ રહી ગઈ. પેલી સ્ત્રી પોતાની ફાટેલી સાડીનો છેડો ખોળામાં સૂતેલા બાળકને ઓઢાડીને તેને સ્તનપાન કરાવી રહી હતી. બાળકના ગુલાબી-ગુલાબી તળિયા દેખાતાં. પેલી સ્ત્રી વારંવાર બાળકને ચુંબનોથી નવડાવી રહી હતી. બીજો ચારેક વર્ષનો બાળક પાછળથી આવીને માતાને વ્હાલ કરી રહ્યો હતો. પોતાની અડધી ચૂસેલી કેરી માંને ધરી રહ્યો હતો. માં તેને પણ ચૂમી લેતી હતી.

આ સ્નેહભરપૂર દ્દશ્ય જોઈને અચાનક તન્વીને લાગ્યું કે તેના જીવનમાંથી મોટામાં મોટો સૂર તો ગાયબ છે! હૃદયના તાર આ રીતે તો કોઈ દિવસે રણઝણ્યા જ નથી. વિશ્વનું કોઈ સંગીત તેને આ પરમ સુખ આપી શક્યું નથી. પોતાના છપ્પન ભોગ તેને આ અડધી ચૂસેલી કેરી સામે ધૂળ જેવા લાગ્યા. તેને એ દ્દશ્ય યાદ આવ્યું કે જયારે તેની કઝીન દેવાંશી પોતાનાં ગર્ભસ્થ શિશુનું સ્પંદન પોતાના પતિને બતાવી રહી હતી અને બંને હસી રહ્યા હતાં. ઓહ માય ગોડ ! આ અનુભવ તો તેને કદીય થયો જ ન હોતો !

ધબ્ ગાડીનો દરવાજો બંધ થતાં તે ઝબકી ગઈ. તેનો હાથ પોતાનાં સપાટ પેટ પર ફરી રહ્યા હતો. નકશે પૂછયું – “પેટમાં ઠીક નથી ?” તન્વીએ ફિક્કી ના પાડી. મ્યૂઝિક પ્લેયરમાં ગુલઝાર સાહેબના શબ્દો વહી રહ્યા હતા. “તેરે બિના જિંદગી સે કોઈ શિકવા તો નહીં, તેરે બિના જીંદગી ભી લેકીન જિંદગી તો નહીં.” અને એ સાંજે જ તેણે પોતાની સેક્રેટરી દ્વારા પોતાની તમામ આગામી કોન્સર્ટ, કાર્યક્રમો રદ કરાવી નાંખ્યાં. ચિત્તને શિવ-હરીનાં – વાંસળી– સંતૂરનાં દિવ્ય સંગીતમાં ઓતપ્રોત કરી નાંખ્યું. સંગીત પરમ ધ્યાન છે એ વાત તે સુપેર જાણીતી હતી.

એ રાત્રે તેને લાગ્યું કે વાંસળી અને તાનપુરાની અજબ-સી જુગલબંધી રચાઈ રહી છે. બંને તન્વી અને નકશ લય પામી રહ્યાં છે. કોઈ નવો જ સૂર-આઠમો સૂર પ્રગટી રહ્યો છે. પ્રગટી ચૂકયો છે અને હવામાં શકીલ બદાયુનીના શબ્દો ગુંજી રહ્યા છે

“ધીરે – ધીરે મચલ એ દિલ બેકરાર કોઈ આતા હૈ.”

**– માધવી શાહ, ભૂજ**

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

## સિંગલ યુઝ પ્લાસ્ટિકથી દેશને મુક્ત કરવાનું અભિયાન



જર્મની ખાખરના પાનમાંથી બનતા ઈકો-ફ્રેન્ડલી પડીયા - પતરાળાં તરફ !!!

૧૯૭૫ પહેલાં જન્મેલા મોટાભાગનાએ ખાખરના પાનમાંથી બનતા પડિયા અને પતરાળામાં ભોજનનો આનંદ માણ્યો જ હશે. હજુ પણ કેટલાક વિસ્તારોમાં ખાખરના પાનમાંથી બનાવેલ પડિયા અને પતરાળા વપરાય છે પરંતુ તેનું પ્રમાણ હવે ખુબ જ નગણ્ય છે. આ પડિયા-પતરાળા ઈકો-ફ્રેન્ડલી હતા. પરંતુ અંતરિયાળ ગામડાઓમાં પણ હવે પ્લાસ્ટિક અને થર્મોકોલની ડિસ્પોઝેબલ વસ્તુઓ જ વપરાતી થઈ છે કારણ કે આપણે પશ્ચિમનું અનુકરણ કરીને આપણા પડીયા પતરાળા ભૂલીને ડીસ્પોઝેબલ ડિશ તરફ વળી ગયા. તેને કારણે આપણે પર્યાવરણને દૂષિત કરી રહ્યા છે. તેના કારણે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે સિંગલ યુઝ પ્લાસ્ટિકથી દેશને મુક્ત કરાવવા માટે ગાંધીજયંતીથી અભિયાન છેડયું છે.

હકીકત જોઈએ તો ધીરે ધીરે લગભગ ૧૯૯૦ પછી પાનમાંથી બનતા પડિયા અને પતરાળા લગભગ ભૂલાઈ જ ગયા છે. હવે આપણે ભોજનમાં થર્મોકોલ, પ્લાસ્ટિક, એલ્યુમિનિયમ ફોઈલ ચડાવેલ પ્લાસ્ટિકના કાગળ અને તેના જેવા ડીસ્પોઝેબલ પરંતુ પર્યાવરણને નુકશાન કરે તેવા મટીરીયલનાં પડિયા-પતરાળા આપણે વાપરતાં થયા. હાથથી ભોજનની મજા માણવાના દિવસો તો હવે પુરા થઈ ગયા. જો હાથથી ભોજન કરો તો જુનવાણી ગણાઈ જઈએ. આથી પ્લાસ્ટિકની ડીસ્પોઝેબલ ચમચી વાપરતા થયા.

આપણે આપણી પર્યાવરણને નુકશાન ન કરે તેવી મૂળ પદ્ધતિઓ ભૂલતા ગયા છીએ અને તે જ પદ્ધતિઓ હવે જર્મની જેવા યુરોપના દેશો અપનાવતા થયા છે. આપણા પડિયા-પતરાણાનાં ગુણો તરફ હવે પશ્ચિમના દેશોનું ધ્યાન દોરાયું છે. જર્મનીના મ્યુનિચ શહેરમાં Leaf-Republic નામની કંપની સ્થાપવામાં આવી છે. http://leaf-republic.com આ લિંક ઉપર જર્મનની કંપની વિશે જાણી શકો છો.

પ્લાસ્ટિકથી વાતાવરણને અને શરીરને પહોંચતા નુકસાન તરફ હવે આખા વિશ્વનું ધ્યાન દોરાયું છે ત્યારે જર્મનીની આ કંપનીએ પડિયા-પતરાળાના આધુનિક સ્વરૂપ જેવી બાયોડિગ્રેડેબલ ડિશો અને બાઉલ તૈયાર કર્યા છે જે પ્લાસ્ટીકની ડિશો-બાઉલ જેવા જ ટકાઉ છે. આ કંપની ખાખર અને સાલના પાંદડાની આપણા દેશમાંથી જ આયાત કરે

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

છે. સૌથી પહેલા આ પાનને સીવીને તેના દેશી પતરાળા તૈયાર કરે છે પછી બે પતરાળાની વચ્ચે પાંદડામાંથી બનેલી વોટરપ્રુફ પ્લાસ્ટીકનો કાગળ ગોઠવી ત્રણેય વસ્તુઓને મશીનમાં મુકે એટલે મશીનમાંથી ડિશો અને બાઉલ તૈયાર થઈને બહાર આવે.

આ લિંક ઉપર તમે એ વિડીઓ જોઈ શકો છે કે કેવી રીતે તેઓ આ બનાવે છે. https://www.youtube.com/watch?v=v36dwHwSDW0 .

આ કંપની પાનમાંથી જુંદા જુંદા આકારના પડિયા પતરાળા બનાવે છે તે આ લિંક ઉપર છે. તેઓ આ ઇકો–ફ્રેન્ડલી પ્રોડકટને યુરોપના બજારમાં વેચે છે. આ કંપનીએ ખુબ જ ટૂંકાગાળામાં બહુ મોટું બજાર સમગ્ર યુરોપમાં સર કર્યું છે કારણ કે આ પ્રોડક્ટ ૨૯ દિવસમાં જમીનમાં ભળી જાય છે.

આપણા ખાખરના પાન આપણે જર્મનીને નિકાસ કરીએ અને તેઓ આપણા જ પાનથી બનેલ ઈકો–ફ્રેન્ડલી પડિયા–પતરાળા બનાવીને યુરોપનું બજાર સર કરે છે. તમને એમ લાગશે કે આ તો આપણી જ મૂળ પરંપરા અને પદ્ધતિ છે તેને જ અપનાવીને જર્મનીની કંપની સમગ્ર દુનિયા સર કરવા માંગે છે.

આ વિચાર આપણને કેમ ન આવ્યો? આધુનિક દેખાવાની લહાયમાં આપણે આપણી સંસ્કૃતિની સારી વસ્તુઓને ભૂલી જઈને આપણા પગ પર તો કુહાડી નથી મારીને? આ અંગે મનોમંથન કરવું હવે અનિવાર્ય થઈ ગયું છે. હવે આપણે જરા હટ કે વિચારવાની જરૂર છે કારણ કે આજે હવે જયારે સિંગલ યુઝ પ્લાસ્ટિકથી દેશને મુકત કરવાનું અભિયાન શરુ થયું છે. ત્યારે તેની સફળતામાં ખાખરના પાનમાંથી જુદા જુદા આકારમાં બનેલા ઈકો–ફ્રેન્ડલી પડિયા–પતરાળા ખૂબ જ મહત્વનો ભાગ ભજવી શકે તેમ છે.

શું આપણે આપણી પોતાની ગૌરવવંતી ઈકો–ફ્રેન્ડલી પ્રણાલિકાઓ, પરંપરાઓ અને પદ્ધતિઓને આજની પેઢી લોભાઈ જાય એ રીતે બજારમાં મુકીને અમલમાં ન લાવી શકીએ? શું આપણા ધર્મસ્થાનો આ બાબતે આગેવાની ન લઈ શકે? શું બી.એ.પી.એસ, ઈસ્કોન, વૈષ્ણવ સંપ્રદાયની વિવિધ સંસ્થાઓ આ અંગે કાર્યરત ન થઈ શકે ? આપણી પ્રાચીન પદ્ધતિઓને આધુનિક ફોર્મમાં ઢાળીને આપણે પણ આંતરરાષ્ટ્રીય બજાર સર ન કરી શકીએ? પશ્ચિમના દેશો તેને અમલમાં મૂકે પછી જ આપણે તેના તરફ વળીએ?

ચાલો... આપણે મેક ઈન ઈન્ડિયા વિચાર અંતર્ગત સ્ટાર્ટ–અપમાં ખાખરમાં પાનમાંથી જુદા જુદા આકારમાં બનેલા ઈકો–ફ્રેન્ડલી પડિયા–પતરાળાનું ઉત્પાદન કરીએ અને સિંગલ યુઝ પ્લાસ્ટિકથી દૂર થવાના અભિયાનને સફળતા અપાવીએ.

**– પરેશ શાહ, વડોદરા**

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

# મહાભારત : મનન અને મંથન



મહાભારત વિષે જેટલું વધારે વાંચવામાં આવે છે એટલી આપણને વધુ સમજ પડતી જાય છે કે આપણે મહાભારત વિષે કેટલું બધું ઓછું જાણીએ છીએ.!

મહાભારત માટે કહે છે 'યદિહાસ્તિ તદન્યત્ર વન્નેહાસ્તિ ન તત્‌ક્વચિત્ !' જે આમાં છે તે જ બીજે છે, જે આમાં નથી તે બીજે ક્યાંય નથી.

મહાભારત મહાગ્રંથ છે – ફલકની દૃષ્ટિએ, વિષયની દૃષ્ટિએ અને જ્ઞાનની દૃષ્ટિએ. ઈલિયડ અને ઓડેસી–બન્નેને ભેગા કર્યા બાદ પણ મહાભારત આઠ ગણું મોટું છે. મહાભારતનું ગુરુત્ત્વમધ્યબિંદુ ધર્મ છે. માનવજીવનનો સર્વોત્તમ ઈતિહાસ એમાં છે. જીવનના તમામ તત્ત્વો મહાભારતમાં નજરે પડે છે. મહાભારતમાં મહાસાગરની વિશાળતા અને ઊંડાણ બન્ને છે.

મહાભારત શું શીખવે છે? યુદ્ધને અંતે જે હારે છે તે તો હારે જ છે, પરંતુ જે જીતે છે તે પણ હારે છે.

અભ્યાસને અંતે કેટલાક રોચક પ્રસંગો, તથ્યો અને સત્યો જડયાં છે એ અહીં પ્રસ્તુત છે.

(૧) મહાભારતમાં ૧૮ પર્વ અથવા ભાગ છે. હિબ્રુ ભાષામાં જીવન માટેના શબ્દોનું આંકડાકીય મૂલ્ય ૧૮ છે. યહુદીમાં દીર્ઘજીવનની શુભકામના માટે ૧૮ના અંકમાં રોકડ ભેટ આપવાની પ્રથા છે. ચીનની પ્રથા અનુસાર ૧૮ સંખ્યાના ઉચ્ચારણનો ધ્વનિ સમૃદ્ધિ માટેના શબ્દને મળતો આવે છે. એટલે આજે પણ ચીનમાં મકાનમાં ૧૮માં માળની કિંમત વધુ હોય છે. એનો અર્થ એ કે અહીં સમૃધ્ધિ જરૂર આવશે. મહાભારતનું યુધ્ધ ૧૮ દિવસ ચાલ્યું હતું. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ૧૮ અધ્યાય છે.

(૨) મહાભારતમાં ૧૮ ભાગ છે જેમાં પ્રથમ ભાગ પાંડવ અને કૌરવ વચ્ચે શત્રુતાના સંદર્ભમાં છે. પછીના ત્રણ ભાગ યુધ્ધ પહેલાંની કથા છે. પછીના છ ભાગમાં યુધ્ધનું

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

વિસ્તૃત વર્ણન છે અને અંતિમ આઠ ભાગમાં યુધ્ધના ભાવનાત્મક, ભૌતિક અને આધ્યાત્મિક પરિણામોનું વર્ણન છે. કુલ શ્લોકના એક તૃતીયાંશ ભાગ યુધ્ધ સાથે સંબંધિત છે.

(૩) વૈદિક સમાજમાં સ્ત્રી અધિક મૂલ્યવાન હતી. માતૃસમાક સમાજ હતો. ઉર્વશી, ગંગા અને સત્યવતીએ વિવાહ વખતે શરત રાખી હતી. પરંતુ ત્યારબાદ સ્ત્રીનું મહત્ત્વ ઘટવા લાગ્યું. અંબા, અંબિકા, અને અંબાલિકા બંધક બની. સ્વયંવર એક આદર્શ પ્રથા હતી. જેમાં યુવતી ઉપસ્થિત પુરુષોમાંથી યોગ્ય વર મેળવી શકતી પરંતુ સમય જતાં તે અધિકાર પણ સમાપ્ત થઈ ગયો. સ્વયંવર બાદ ધનુર્વિદ્યા પ્રતિયોગિતા શરૂ થઈ. જેમાં જે જીતે તે તેને પુત્રીને પરણે. આમ છતાં સ્ત્રીને અધિકાર હતો કે કોઈ પણને પ્રતિયોગિતામાં સામેલ કરવા અયોગ્ય જાહેર કરી શકે જેમ દ્રૌપદીએ કર્ણને અયોગ્ય જાહેર કરેલ.

(૪) મહાભારત કાળમાં પતિ વિફલ હોવાથી સંતાન પ્રાપ્ત કરવા માટે, સ્ત્રી પતિની અનુમતિથી વધુમાં વધુ ત્રણ પુરુષો સાથે સંસર્ગ કરી શકતી હતી, પતિ સાથે કુલ ચાર પુરુષો. જો તે પાંચમાં પુરુષ સાથે સંસર્ગ કરે તો તે વેશ્યા કહેવાય. એટલે કુંતી ત્રણ દેવો પાસે વરદાન માંગીને પુત્ર પ્રાપ્ત કરે છે અને ચોથું કુંવારી અવસ્થામાં સૂર્યપુત્ર કર્ણ પ્રાપ્ત થાય છે. પરંતુ એ જ કુંતી દ્રૌપદીનો વિવાહ પોતાના પાંચ પુત્રો સાથે કરાવે છે. એટલે જ ધૂતસભામાં કર્ણ દ્રૌપદીને વૈશ્યા કહે છે. કુંતી, માદ્રીને બે જ સંતાન થવા દે છે. જો માદ્રીને વધુ સંતાન થાય તો પોતાનો પ્રભાવ ઘટી જાય. પાંડુની ઈચ્છા હોવા છતાં માદ્રીને બે પુત્રો સુધી સીમિત રાખે છે. માદ્રી પણ હોશિયાર છે તેણે મંત્રનો એકવાર ઉપયોગ કરી અશ્વિનીકુમારો પાસે એક સાથે બે સંતાન મેળવ્યા હતા.

દુર્યોધન ગાંધારીના ગર્ભમાં ઓગણીસ મહીના રહે છે. કુંતી કરતા વહેલા ગર્ભાધાન થયું હોવા છતાં યુધિષ્ઠિરનો જન્મ પહેલાં થાય છે. બાદમાં દુર્યોધન જન્મે છે. ગાંધારીને આ અફસોસ જીવનભર રહી જાય છે.

(૫) કુંતી પુત્રો મેળવવા માટે બ્રહ્મા – વિષ્ણુ – મહેશને આહ્‌વાન નથી કરતી પણ યમ, ઈન્દ્ર,વાયુ અને અશ્વિનીકુમારોને બોલાવે છે. સર્વશક્તિમાન ઈશ્વરની ધારણા હિન્દુ ધર્મમાં બહુ પાછળથી આવી. પ્રારંભિક હિન્દુ વિચાર પ્રવાહમાં ઈશ્વરનું ઉચ્ચારણ જોવા મળતું નથી. ભગવાનનો પ્રથમ વિચાર ભાગવત સંપ્રદાયમાં આવ્યો અને પછી મુખ્ય પ્રવાહમાં સ્વીકાર્ય બની ગયો. વૈદિક કાળમાં સૌથી પહેલા તાત્ત્વિક આત્મા (દેવો)માં આસ્થા વધુ હતી. બાદમાં ભક્તિનો પ્રસાર વધ્યો એટલે ઈશ્વર પ્રત્યે સમર્પિત થવું એ શ્રેષ્ઠ

સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

છે માટે ભગવાનનો વિચાર તેમાં જોડાયો.

(૬) મહાભારત અંદરોઅંદર પરિવારની સંપત્તિમાં ભાગ પાડવાના સંદર્ભની લડાઈ છે એટલા માટે પારંપારિક હિન્દુ ઘરોમાં મહાભારત રાખવામાં આવતું નથી, તેને અપશુકન માનવામાં આવે છે. પરિણામે મહાભારત દૂર રહી ગયું. સંસ્કૃતિ, ધર્મ, માનવતા અને રાષ્ટ્રિયતા જીવનથી દૂર થઈ ગયા. સમાજનું અધ:પતન થઈ ગયું શ્રીમદ્ ભાગવતની જેમ મહાભારતની સપ્તાહ શા માટે થતી નથી ?

(૭) વેદિક કાર્યમાં વર્ણધર્મ અને આશ્રમધર્મનું નિરૂપણ મુખ્ય છે. વર્ણધર્મ પ્રમાણે પુરુષે પોતાના પિતાના વ્યવસાયને અપનાવવો જોઈએ. આશ્રમધર્મ પ્રમાણે પોતાની ઉંમર અનુસાર માણસે પોતાનું જીવન વ્યતિત કરવું જોઈએ. દ્રોણ બ્રાહ્મણ હોવા છતાં ક્ષત્રિયોચિત જીવન વ્યતિત કરે છે અને વર્ણધર્મને તોડે છે. ભીષ્મ પોતે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ પોતાના પિતાને ગૃહસ્થાશ્રમમાં દાખલ કરી આશ્રમધર્મને તોડે છે. કર્ણ જન્મે ક્ષત્રિય છે પરંતુ પાલક પિતા અધિરથનો વ્યવસાય અપનાવવાને બદલે ક્ષત્રિય ધર્મ જીવન જીવે છે. કર્ણ એવા પુરુષનું પ્રતિક છે જે સમાજ દ્વારા રચિત સામાજિક માન્યતાઓ સામે ઝૂકવા તૈયાર નથી.

(૮) શ્વાન સાર્વજનિક રૂપથી યૌનસંબંધ બાંધતા જોવા મળે છે. તેની સાથે દ્રૌપદીની વૈવાહિક વ્યવસ્થા જોડાયેલી છે. નારદે સૂચવેલા નિયમ પ્રમાણે દ્રૌપદી જે કોઈ પાંડવ સાથે કક્ષમાં હોય તેમાં અન્ય કોઈ પ્રવેશી શકતું નહીં. પાંડવમાંથી જે કોઈ દ્રૌપદીના કક્ષમાં હોય તે અન્ય ભાઈઓને તેની ઉપસ્થિત દર્શાવવા માટે કક્ષની બહાર ચરણ પાદુકા મૂકતા. અર્જુન જયારે પોતાનું ધનુષ્ય શોધતો દ્રૌપદીના કક્ષમાં આવ્યો ત્યારે યુધિષ્ઠિરને જોઈને શરમ અનુભવે છે. તે સમયે યુધિષ્ઠિરની ચરણ પાદુકા શ્વાન ઉઠાવીને લઈ ગયો હોય છે. તે જાણીને દ્રૌપદી શ્વાનને શ્રાપ આપે છે. પોતાની અંગત પળો અન્ય પતિ સામે સાર્વજનિક થઈ ગઈ તેનું કારણ શ્વાન હતો જેથી ભવિષ્યમાં તમામ શ્વાન સાર્વજનિક રૂપમાં જ સંસર્ગ કરશે અને બેશરમ કહેવાશે.

અન્ય કથા એમ છે કે, અગ્નિદેવ અચાનક યુધિષ્ઠિરને મળવા આવે છે તે સમયે તેઓ દ્રૌપદીના કક્ષમાં હોય છે. અગ્નિદેવ ક્રોધિત થઈને કહે છે – યુધિષ્ઠિર તરત આવીને નહીં મળે તો અગ્નિની જવાળામાં ઈન્દ્રપ્રસ્થનો વિનાશ કરી દેશે. તેનાથી બચવા માટે અર્જુન મજબૂરીથી દ્રૌપદીના કક્ષમાં પ્રવેશે છે જેને કારણે લાંબો વનવાસ ભોગવવો

પડે છે. યુધિષ્ઠિર કહે છે. નાનો ભાઈ પુત્ર સમાન છે. તે પોતાના કક્ષમાં આવે તો અધર્મ થયો ન કહેવાય પરંતુ અર્જુનને આ સમાધાન સ્વીકાર્ય નથી.

(૯) પુરુષોની છાતીમાં સ્તન છે પરંતુ વિકસિત નથી. જે દર્શાવે છે તેની ભીતર સ્ત્રી ઉપસ્થિત છે અર્જુનને માત્ર એક જ સ્તન છે, જે સામાન્ય પુરુષોથી અધિક પુરુષ શકિત સાર્મથ્ય દર્શાવે છે (ઘણી કથામાં અર્જુનને એક પણ સ્તન બતાવતા નથી) કૃષ્ણ પૂર્ણ પુરુષ છે. તેમની ભીતર સ્ત્રીનો એકપણ ગુણ નથી માટે તેમના શરીર પર એક પણ સ્તન નથી. તેમની છાતી સપાટ છે. પૂર્ણ પુરુષને જ પૂર્ણ પરમાત્મા જોઈએ. કૃષ્ણ ભગવાનની અર્જૂન સાથેની નિકટતા આ અર્થમાં યોગ્ય છે. (રાધા અને મીરા સંપૂર્ણ સ્ત્રી છે જેમાં પુરુષનો એકપણ ગુણ નથી. પૂર્ણ પુરુષને પૂર્ણ સ્ત્રી જોઈએ માટે તેઓ શત પ્રતિશત પૂર્ણ પુરુષ પરમાત્મામાં સમાઈ જાય છે.)

(૧૦) સૌભાગ્યની દેવી લક્ષ્મી હંમેશા દુર્યોધનના ખભા પર બેસતી હતી. જેથી હંમેશા તેણે ઐશ્વર્યનો ઉપભોગ કર્યો. વિધિની વિટંબણા એ છે કે લક્ષ્મીએ દ્રૌપદીનું રૂપ ધારણ કરી પાંડવોના જીવનમાં પ્રવેશ કર્યો તો યુધિષ્ઠિર તેને દાવ પર લગાવીને હારી ગયા. આમ તેઓ સૌભાગ્યથી દૂર રહી ગયા. કૃષ્ણ બુધ્ધિનું અને દ્રૌપદી સૌભાગ્યનું પ્રતિક છે. ધૂતસભામાં પ્રવેશ કરતી વખતે બન્નેમાંથી એકપણ હાજર ન હતા. મહાભારતમાં આ એકમાત્ર અવસર હતો જયારે પાંડવોએ સ્વયં નિર્ણય લીધો. માતા–પત્ની–મિત્ર કોઈની સલાહ લીધી નહીં. પરિણામ નજર સમક્ષ જ છે. કૃષ્ણની કૃપા અને દ્રૌપદીની શકિતને કારણે જ કૌરવોના બધા જ દાવ જીવનમાં નિષ્ફળ ગયા હતા.

(૧૧) નવાઈની વાત એ છે કે ધૂત સભામાં યુધિષ્ઠિર સૌથી પહેલાં પોતાના સાવકાભાઈઓ નકુલ અને સહદેવને દાવ પર લગાવે છે ત્યારબાદ પોતાના સગાભાઈઓને દાવ પર લગાવે છે પરંતુ જયારે યક્ષ–યુધિષ્ઠિર સંવાદ વખતે પ્રથમ નકુલ અને સહદેવને જીવિત કરવાનું કહે છે. આનું તાત્વિક કારણ ? કદાચ યુધિષ્ઠિર વનવાસ દરમ્યાન વધુ પરિપકવ થાય છે.

(૧૨) ગાંધર્વોએ વનમાં કૌરવો પર આક્રમણ કર્યું. ત્યારે યુધિષ્ઠિરના કહેવાથી પાંડવોએ તેમને બચાવ્યા. દુર્યોધન પાંડવોનો ઋણી બની જાય છે. શ્રીકૃષ્ણ તેને પાંચ બાણ લાવવા કહે છે, જે ભીષ્મ પાસે છે. દુર્યોધન આ સ્વર્ણિમ બાણો ભીષ્મ પાસેથી ચોરી લાવીને આપી દે છે. આ પાંચ બાણમાં પાંચ પાંડવોનો વધ કરવાની શકિત હતી. ભીષ્મથી

સ્વ. જીવણલાલ શાહ (દેત્રોજવાળા)પરીવારનાં જય શ્રી કૃષ્ણ

પાંડવોને બચાવવા માટે કૃષ્ણ દ્વારા કરવામાં આવેલો આ શ્રેષ્ઠ ઉપાય છે.

(૧૩) કર્ણ એકવાર દુર્યોધન અને ભાનુમતિ સાથે પાંસા ખેલી રહ્યો હતો. કર્ણએ જોયું કે ભાનુમતિ અંચઈ કરી રહી છે એટલે તેણે ભાનુમતિનો હાથ પકડી લીધો. અશિષ્ટતાની આ પરાકાષ્ઠા હતી. ભાનુમતિ પણ ત્યાંથી ઉઠીને ચાલી ગઈ. ભાનુમતિને પોતાના પતિ દુર્યોધન સિવાય કોઈએ સ્પર્શ કર્યો ન હતો. પરંતુ દુર્યોધને હસીને કર્ણને બચાવી લીધો. દુર્યોધને કહ્યું કે – 'કર્ણનો સ્પર્શ નિદોર્ષ છે મને મારા મિત્ર પર પૂર્ણ વિશ્વાસ છે. તેનું હૃદય નિર્મળ છે.' કદાચ આ વિશ્વાસને કારણે જ કર્ણ દુર્યોધનથી દૂર ન જઈ શકયો.

(૧૪) યુધ્ધ માટે કુરુક્ષેત્રને કેમ પસંદ કરવામાં આવ્યું ? કૃષ્ણે ભીમને બંજર ભૂમિ (કશું જ ઉગતું ન હોય તેવી જગ્યા) શોધવાનું કહ્યું. ભીમે જાયુ કે આ બંજર ભાગમાં એક ખેડૂતનું શબ પડયું હતુ. પોતાના પુત્રની અંત્યેષ્ટિ કરવાને બદલે તે ખેતર ખેડી રહ્યો હતો. મૃતકની વિધવા, પતિના શબ પર રોવાને બદલે પતિ માટે લાવેલું ભોજન ખાઈ રહી હતી. આ ધરતી પર કશું જ થઈ શકે નહીં તેથી યુધ્ધ માટે આ જ ધરતી બરાબર છે.

(૧૫) ઘણા લોકો એમ કહે છે કે યુધ્ધના મેદાનમાં આટલો લાંબો ઉપદેશ સંભવ છે ? ઈશ્વરનો ઉપદેશ હોવાથી તેને સમય અને સ્થાનની સીમા નડતી નથી. મનુષ્યને જે લાંબો ઉપદેશ લાગે છે, તે પલકારામાં સમાપ્ત થઈ જાય છે ઈશ્વરની સમયગણત્રી, મનુષ્યની સમય ગણનાથી અલગ છે. ભગવદ્ગીતા ભીષ્મ પર્વમાં ૨૩ થી ૪૦ અધ્યાયોમાં છે.

(૧૬) એક અક્ષૌહિણી સેના એટલે ૨૧૮૭૦ રથ અને રથી, ૨૧૮૭૦ હાથી અને મહાવત, ૬૫૬૧૦ અશ્વ અને ઘોડેસવાર, ૧૦૯૩૫૦ પાયદળ (૧:૧:૩:૫) આ પ્રમાણ હતું. બંને સેનામાં કુલ ચાલીસ લાખ યોધ્ધા હતા. પાંડવો પાસે સાત અક્ષૌહિણી સેના હતી. કૌરવો પાસે અગિયાર અક્ષૌહિણી સેના હતી. ભીષ્મ કૌરવ સેનાના દસ દિવસ સેનાપતિ રહ્યા. દ્રોણ તેનાથી અડધા–પાંચ દિવસ, કર્ણ તેનાથી અડધા બે દિવસ અને શલ્ય તેનાથી અડધા–એક દિવસ સેનાપતિ રહ્યા. ગણિતની દૃષ્ટિએ ઘટનાક્રમ સિધ્ધ થયો.

(૧૭) મહાભારત માનવીની ભીતર પડેલા રહસ્યમય આંતરવિરોધનું મહાકાવ્ય છે. ધર્મરાજ યુધિષ્ઠિર અધર્મપૂર્વક જુગારના શોખીન છે. કર્ણ દાનેશ્વરી પણ તેનામાં વેરભાવનો અંગારો છે, અર્જુન વીર છે પણ હૃદયદૌર્બલ્યને કારણે યુધ્ધમાં પલાયનવૃત્તિ અપનાવે છે. ભીષ્મ પ્રતિજ્ઞા પાલનમાં દૃઢ પણ દ્રૌપદી વસ્ત્રાહરણ વખતે ઢીલું વલણ અપનાવે છે. ધૃતરાષ્ટમાં લુચ્ચાઈ છે પણ ઉદાર બનીને દ્રૌપદીને ત્રણ વરદાન માંગી લેવાની વિનંતી કરે છે.

સ્વ. જશુબહેન તથા સ્વ. મફતલાલ પી. પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

ભારતીય દર્શનનું પ્રાચિનતમ દર્શન એટલે તંત્ર શાસ્ત્ર. એ અદ્ભૂત દર્શન છે. ઈશ્વર સાક્ષાત્કાર માટેનો તંત્રનો અભિગમ વિશિષ્ટ છે. ભારતીય દર્શનમાં સાક્ષાત્કાર કરવાને માટે અનેક પદ્ધતિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મોક્ષ પ્રાપ્તિ માટેની કેટલીક સાધના પદ્ધતિઓ, વૃત્તિઓના દમન અને દુન્યવી વસ્તુઓના ત્યાગને પ્રાધાન્ય આપે છે. જયારે તંત્ર શરીર તેમજ મનની જન્મજાત વૃત્તિઓનો વિધાયક રીતે સ્વીકાર કરે છે. તે વૃત્તિઓના દમન (Supression) માં નહી પણ તેના ઉર્ધ્વીકરણ (sublimation) માં માને છે. ધર્માચાર્યો વર્ષોથી ઉપદેશ આપે છે કે કામ, ક્રોધ, લોભ, મોહનો ત્યાગ કરો પણ એ બધી જ વૃત્તિઓ આપણામાં વિધમાન છે તે દર્શાવે છે કે એ જન્મજાત વૃત્તિઓ છે. તંત્ર શરીર તેમ જ તેની વૃત્તિઓનો વિધાયક રીતે સ્વીકાર કરે છે જણાવે છે કે આ વૃત્તિઓ વડે જ તેનું અતિક્રમણ કરવાનું છે.

તંત્રના સાધનાપક્ષ વિષે જાણતા પહેલાં આપણે એ જાણી લઈએ કે તંત્ર એટલે શું? તંત્ર શબ્દના ઘણા અર્થો દર્શાવવામાં આવ્યા છે. તંત્ર શબ્દની મૂળ ધાતુ તન છે. જેનો અર્થ વિસ્તરણ (expantion) થાય છે. અહીં જ્ઞાનના વિસ્તરણ ઉપરાંત શારીરિક તેમજ માનસિક સુષુપ્ત શક્તિઓનું વિસ્તરણ એવો સંદર્ભ છે. એક અન્ય સંદર્ભમાં જોઈએ તો તંત્ર શબ્દ तनोति અને त्रायते એમ બે શબ્દોના યોગથી બનેલો છે. तनोति એ વિસ્તરણ અને त्रायते એ મુક્તિના અર્થમાં પ્રયોજાયેલ છે.

त्रायते અર્થાત મુક્તિ. આપણે એને જ મુક્ત કરી શકીએ જે બંધનમાં હોય. તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ સમગ્ર વિશ્વ જેમાંથી સર્જન (Creation) પામે છે, સ્થિત રહે છે, (sustain થાય છે) અને લય (dissolution) પામે છે. તે શક્તિ (energy) છે. જેને આજનું વિજ્ઞાન પણ સમર્થન આપે છે. જે શક્તિ વિશ્વમાં વ્યાપ્ત છે તે જે શક્તિ વ્યક્તિમાં પણ સુષુપ્તપણે રહેલી છે. આ વૈશ્વિક શક્તિ વ્યક્તિમાં નાભિથી નીચેના ભાગમાં મૂલાધારચક્રમાં સુષુપ્ત પડેલી છે જેને કુંડલિની કહેવામાં આવે છે. આ સુષુપ્ત વૈશ્વિક શક્તિને જાગૃત કરવી એ તંત્ર સાધનાનું લક્ષ્ય છે. આ જાગૃતિ સાધકને તેના મૂળ સ્વભાવ સચ્ચિદાનંદના સ્વરૂપનો

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

અનુભવ કરાવે છે.

અન્ય સાધના પદ્ધતિઓની જેમ તંત્ર સાધના પણ કેટલીક પૂર્વ માન્યતાઓ પર આધારિત છે. જેમાંની મહત્વપૂર્ણ ધારણા એ છે કે ભૌતિક શરીરએ પરમાત્માનું નિવાસ સ્થાન છે તેમ જ તેને પ્રાપ્ત કરવાનું સાધન પણ છે. મેરુ તંત્ર જણાવે છે તેમ, જે અહી છે તે જ બધે છે અને અહીં નથી તે કયાંય નથી. આ તાંત્રિક દ્રષ્ટિકોણ જીવાત્મા અને પરમાત્મા (microcosm & macrocosm) વચ્ચેના તાદાત્મ્યનો નિર્દેશ કરે છે. કુલાર્ણવ તંત્ર પણ તેને સમર્થન આપતા કહે છે કે, શરીર ઈશ્વરનું દેવાલય છે. (देह देवालयो देवी) તંત્રનું આ તથ્ય વ્યષ્ટિ અને સમષ્ટિ વચ્ચે તાદાત્મ્યના સંબંધનો નિર્દેશ કરે છે. સાક્ષાત્કાર કરવા માટે સાધકે વિશ્વમાં કયાંય ભટકવાની જરૂર નથી પરંતુ સ્વયંમાં ધ્યાન કેન્દ્રિત કરીને તે સાક્ષાત્કારનો અનુભવ કરી શકે છે.

તાંત્રિક સાધના એ અસ્રાની ધાર પર ચાલવા જેવી કઠીન સાધના છે. સાધનાની પૂર્વે કેટલીક આવશ્યકતાઓ છે જેમાંના કેટલાક મહત્વના પ્રત્યયો વિષે જોઈશું. તંત્ર સાધનામાં દેવતા બનીને દેવતાનું પૂજન કરવાનું છે. (देवं भूत्वा यजेत देवं) અર્થાત્ સાધક જેની અનુભૂતિ કરવા ઈચ્છે છે તે બહારનું કોઈ તત્વ નથી પણ તેની પોતાની અંદર સ્થિત ચેતના જ છે. તાંત્રિક સાધનામાં મહત્વના પ્રત્યયોમાં મહત્વનું સ્થાન છે, ગુરુ.

૧. ગુરુ : તાંત્રિક સાધનામાં ગુરુનું સ્થાન ઘણુ મહત્વપૂર્ણ છે. કુલાર્ણવ તંત્ર જણાવે છે તેમ ગુરુ અને શિવ વચ્ચે કોઈ ભેદ નથી. (૧૩-૫૧) ગુરુએ ત્રણ નેત્રો વગરના સાક્ષાત શિવ છે, ચાર ભૂજાઓ વિનાના સાક્ષાત વિષ્ણુ છે અને ચાર મુખ વિનાના સાક્ષાત બ્રહ્મા છે. (૧૩-૫૭) આ જ તંત્ર ગુરુ એટલે શું એ જણાવતા જણાવે છે કે ગુ અર્થાત અંધકાર અને રુ અર્થાત નાશ. આમ ગુરુ અર્થાત જે અજ્ઞાનના અંધકારનો નાશ કરે છે. (૧૭-૮)

અજ્ઞાન શેનું ? જીવાત્મા અને પરમાત્મા વચ્ચેના તાદાત્મ્ય વિશેનું અજ્ઞાન એ જ સાધના માર્ગમાં અવરોધ છે. એક માત્ર સાક્ષાત્કારી ગુરુ જ સાધકના આ અવરોધને દૂર કરી શકે છે. સાચા તાંત્રિક ગુરુના લક્ષણો કયા છે ? કુલાર્ણવ તંત્રમાં આ વિષે ઘણું વિસ્તારથી જણાવવામાં આવ્યું છે. અહીં માત્ર થોડા લક્ષણોનો જ નિર્દેશ કરીશું. ગુરુ પોતે સાક્ષાત્કારી હોવા જોઈએ. આવા ગુરુ જ અન્યને દીક્ષા આપી શકે. ભૂત-ભવિષ્ય અને વર્તમાનના જાણકાર હોવા જોઈએ. શિષ્યની પ્રત્યેક અશુદ્ધિઓને દૂર કરવાને માટે સમર્થ હોવા જોઈએ. આ અને આવા ઘણા ગુણોનું તંત્રમાં વર્ણન કરવામાં આવ્યું છે. આવા

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ-મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ

ગુણોને લીધે જ ગુરુને સન્માનજન્ય સ્થાન આપવામાં આવ્યું છે. કુલાર્ણવ તંત્ર જણાવે છે તેમ, હરિ રૂઠે તો ગુરુ રક્ષા કરે પણ ગુરુ રૂઠે તો કોઈ રક્ષા કરવાને સમર્થ નથી. આવા અધિકારી ગુરુ જ શિષ્યને દીક્ષા આપી શકે.

૨. દીક્ષા : દીક્ષાએ સાધનાના પ્રદેશમાં પ્રવેશ કરવાનો પાસપોર્ટ છે. કુલાર્ણવ તંત્ર જણાવે છે તેમ દીક્ષા વિના મોક્ષ સંભવતો નથી અને ગુરુ વિના દીક્ષા શકય નથી. (૧૩-૩) સાધકની પાત્રતા જોઈને ગુરુ દીક્ષા આપે છે.

દીક્ષા શા માટે ? આપણું મન બગીચા જેવું છે. બગીચામાં જેમ સારા છોડની વચ્ચે બિનજરૂરી ઘાસનો કચરો પણ ઉગી નીકળે છે તેમ મનમાં પણ સારા વિચારોની સાથે નિષેધાત્મક વિચારો પણ ઉઠતા હોય છે. ગુરુ શક્તિપાત દ્વારા શિષ્યના મનમાં રહેલી અનાવશ્યક વસ્તુઓને દૂર કરે છે. દીક્ષા શબ્દમાં દી અર્થાત જે જ્ઞાન આપે તે અને ક્ષા અર્થાત જે પાશવિક વાસનાઓનું હરણ કરે તે. વિશ્વસાર તંત્ર જણાવે છે તેમ, જે પાપ હરીને દિવ્ય જ્ઞાન આપે તે દીક્ષા. તંત્ર સાધનામાં ત્રણ પ્રકારે દીક્ષા સંભવ બને છે. (૧) સ્પર્શ દીક્ષા, (૨) દ્રક (દ્રષ્ટિ) દીક્ષા અને (૩) માનસ દીક્ષા. દીક્ષા સંપન્ન થયા પછી સાધકની અંતરબાહ્ય વિશુદ્ધિની પ્રક્રિયા શરુ થાય છે. પ્રથમ ભૂતશુદ્ધિ અથવા તો શરીરની શુદ્ધિ અને પછી મનની શુદ્ધિ.

૩. ભૂતશુદ્ધિ : ભૂતશુદ્ધિ અર્થાત શરીરના તત્વોની શુદ્ધિ. આપણું શરીર પાંચ તત્વોનું બનેલું છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. પ્રથમ સાધકે જે તે અંગમાં જે તે તત્વનું આધિપત્ય હોય છે તેની કલ્પના કરવાની હોય છે. દ્રષ્ટાંત સ્વરૂપ પૃથ્વીતત્વ પગથી જાંઘ સુધી, જળતત્વ જાંઘથી નાભિ સુધી, અગ્નિતત્વ નાભિથી હૃદય સુધી, વાયુતત્વ હૃદયથી બન્ને આંખોની પાંપણોના ભાગ સુધી, અને આકાશતત્વ શરીરના સૌથી ઉપરના ભાગ પર આધિપત્ય ધરાવે છે. સાધકે આ અંગો ઉપર જે તે તત્વ છે તેનું ધ્યાન કરવાનું છે.

ત્યારબાદ સાધકે સ્થૂળ તત્વની સૂક્ષ્મ તત્વમાં વિલીન કરવાની કલ્પના કરવાની હોય છે. જેમકે પૃથ્વી જળમાં, જળ અગ્નિમાં, અગ્નિ વાયુમાં, વાયુ તત્વની આકાશ તત્વમાં વિલીન થાય છે એવી કલ્પના કરવાની હોય છે. ત્યારબાદ સાધકે એક પાપ પુરુષ કે અશુદ્ધિ યુક્ત પુરુષની કલ્પના કરવાની હોય છે. બીજમંત્રો દ્વારા પ્રથમ તેને બાળવાની ક્રિયા થાય છે. પાપ પુરુષનું આખું શરીર રાખમાં પરિવર્તિત પામે છે. સાધકનું શરીર વિશુદ્ધ બને છે અને આધ્યાત્મિક શક્તિઓને ગ્રહણ કરવાને માટે સમર્થ બને છે. આ સમગ્ર ક્રિયા માનસિક રીતે કરવાની છે.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ભૂતશુદ્ધિ પછી આવે છે ચિત્ત શુદ્ધિ અથવા તો મનની શુદ્ધિ. જે ન્યાસ દ્વારા સંભવ બને છે.

૪. ન્યાસ : તાંત્રિક સાધનાએ સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જવાની પ્રક્રિયા છે. ભૂતશુદ્ધિ બાદ માનસિક શુદ્ધિ માટે ન્યાસ કરવામાં આવે છે. ન્યાસ અર્થાત મૂકવું કે સ્થાપન કરવું. તંત્ર સાધનાનું લક્ષ્ય માત્ર અશુદ્ધિઓને હટાવવાનું જ નથી પણ તેને સ્થાને સારા તત્વોનું, દૈવી તત્વોનું સ્થાપન કરવાનું પણ છે.

ન્યાસ શા માટે જરૂરી છે ? સાધકને માટે એ જાણવું જરૂરી છે કે તે તત્વતઃ દૈવી છે. બધું જ દૈવી છે, ચેતના સિવાય અન્ય કશું જ નથી. વ્યાપક ન્યાસ વડે સાધક માનસિક રીતે ચેતનાનું સમગ્ર શરીરમાં સ્થાપન કરે છે. આ રીતે તે દેવ બને છે અને દેવ બન્યા પછી જ તે દેવની ઉપાસના કરી શકે છે. (देवं भूत्वा यजेत देवं)

તાંત્રિક સાધનાના આ મહત્વના પ્રત્યયો છે. આ સિવાય પણ ઘણી બાબતો છે જે તાંત્રિક સાધનાનો ભાગ છે જેમકે પ્રાણ પ્રતિષ્ઠા, મંત્ર, યંત્ર વગેરે. તંત્ર સાધના પ્રતીકાત્મક (symbolic) ભાષામાં રજૂ થયેલ હોઈ તે પ્રતીકોની સાચી સમજણના અભાવમાં તેના ઘણા ખોટા અર્થઘટનો પણ થયા છે. તંત્ર માર્ગના અધ:પતનનું મૂળ કારણ તેના વિકૃત અર્થઘટનો છે. તંત્રને મેલી વિદ્યા કે મારણ, વશીકરણ કે ઉચ્ચાટન પૂરતું સીમિત કરી દેવામાં આવ્યું છે. પણ વાસ્તવમાં તંત્ર એ સાધકને મોક્ષ કે ઈશ્વર સાક્ષાત્કારની અનુભૂતિ કરાવતો ઉત્કૃષ્ટ માર્ગ છે.

– ડો. પ્રજ્ઞા શાહ
વડોદરા.



સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

# સ્વયંમ્ ની ઝાંખી



એકવાર કબીરજીને ભગવાનની યાદ સતાવી રહી હતી અને જયારે ભગવાન નેભક્ત અતઃકરણના શુધ્ધ પ્રેમથી યાદ કરે છે ત્યારે જગતનો નાથ તેના સર્વે કાર્યો છોડી દોડતો દોડતો ભક્ત પાસે આવી જ જાય છે. ઈતિહાસમાં એવા તો કેટ કેટલાય ઉદાહરણ છે જેમ કે દ્રૌપદીના ચિર હરાતા હતા ત્યારે કૌરવોના દરબારમાં બધાની હાજરી હોવા છતાં બધા લાચાર હતા તે વખતે છેલ્લે જયારે કેશવને યાદ કર્યા ત્યારે વિના વિલંબે આવી તે નિસહાય દ્રૌપદીના લાજ બચાવી તેના ચિર હજારો કરી પૂર્યા, આવી જ રીતે નરસિંહ મહેતાને પણ શેઠ શામળશા બની તેમની હુંડી સ્વીકારી લગ્નને હેમખેમ પતાવી આપ્યુ. આવા તો કેટલાય ઉદાહરણ આપી શકાય. પરંતુ જયારે કબીરને ભગવાનની યાદ સતાવી રહી હતી ત્યારે ભગવાન સ્વયમ્ પધાર્યા અને કબીરજી ની વાણીમાંથી ઉદ્ગાર સર્યા :

મોકો કહાં ઢૂંઢેરે બંદે, મૈ તો તેરે પાસ મેં,  
ના તીરથ મેં, ના મૂરત મેં, ના એકાંત નિવાસ મેં,  
ના મંદીર મેં, ના મસ્જિદ મેં, ના મૈ કાશી કૈલાશ મેં,  
ના મૈં જપ મેં, ના મૈ તપમેં, ના મૈ વરત ઉપાસમેં,  
ના મૈ ક્રિયા કરમ મેં રહતા, નહીં યોગ સંન્યાસ મેં,  
નહીં પ્રાણ મેં, નહીં પિંડમે, ન બ્રહ્માંડ, આકાશ મેં,  
ના મૈ ભૃકુટી, ભંવર ગુફા મે, સબ શ્વાસન કી શ્વાસ મેં,  
ખોજી હોય તુરંત મીલી જાઉં, પલભર કી તલાશ મેં,  
કહ કબીર સુનો ભાઈ સાધો, મૈં તો હું વિશ્વાસ મે

મને એવું લાગે છે કે આપણે બધા વ્યર્થ ફાંફા મારીયે છીએ. જે આપણી પાસે જ છે તેને શોધવા માટે આપણે કેટકેટલું ભટકીયે છીએ અને આખી જીંદગી સમાપ્ત થઈ જાય તો પણ આપણે તેને પામી શકતા નથી, ઓળખી શકતા નથી.

એક સાંભળેલી વાત આપને જણાવવાનું મન થાય છે કે એક વખત એક કલાસમાં

સ્વ. ગુણવંતીબહેન રસિકલાલ પરીખ (કડી) ના જય શ્રી કૃષ્ણ.

શિક્ષકે વિદ્યાર્થીઓને એક પ્રશ્ન પૂછયો કે દુનિયાની અજાયબીઓ કેટલી છે ? અને કઈ કઈ છે ? તે જણાવો તો બધા વિદ્યાર્થીઓ એ હાથ ઉંચો કર્યો અને એક વિદ્યાર્થીને પૂછયું કે જણાવો તો સામાન્ય રીતે આપણે જાણીએ છીએ કે લોકો દુનીયાની સાત અજાયબીયો જેવી કે તાજમહાલ, સ્ટેચ્યુ ઓફ લિબર્ટી, ગ્રેટ ચાઈના વોલ, એફીલ ટાવર વિગેરે વિગેરે પરંતુ એક છોકરાએ હાથ ઉંચો કર્યો ન હતો શિક્ષકને નવાઈ લાગી અને તેને ઉભો કર્યો અને પૂછયું કે કેમ તને આની ખબર નથી. ત્યારે તે છોકરાએ ખુબ નમ્રતાથી શિક્ષકને જણાવ્યું કે આ દરેક ચીજવસ્તુઓ કોઈને કોઈ મનુષ્યો એ બનાવેલી છે તેમાં કેટલી વેદના હશે ? તેમાં કેટલાંય અત્યાચાર હશે ? તેને હું કઈ રીતે અજાયબી કહું ? અજાયબી તો તે છે કે આપણી આંખ એક સાથે કેટકેટલા દશ્યો દેખે છે અને છતાંય કયાંય તે ઓવર લેપીંગ થતા નથી. આજ આંખો એક સાથે કેટલા રંગો ઓળખે છે અને તેને યાદ રાખે છે શું તે અજાયબી નથી ? આપણું આ નાનું સરખું નાક કેટલી બધી સુગંધોને ઓળખે છે. તમે આંખો બંધ કરશો તો પણ તે સુગંધને ઓળખી બતાવે છે. તેના દ્વારા આપણાં શ્વાસ શરીરમાં જાય છે અને અશુધ્ધ શ્વાસ બીજા નાકેથી બહાર નીકળે છે. તે શું અજાયબી નથી ? આપણાં શરીરમાં કેટકેટલાં હાંડકાઓ એકબીજા સાથે વ્યવસ્થિત જોડાયેલ છે. કોઈ પણ જગ્યાએ નથી સ્ક્રૂ કે નથી મિજાગરાં તો પણ કેટલા વ્યવસ્થિત આવે છે તે શું અજાયબી નથી ? અરે ! આપણા આ બંને પગ જુઓ તેની નસોમાં જ લોહીનું પરીભ્રમણ ચાલે છે તે ગુરૂત્વાકર્ષણ ની વિરૂધ્ધ દિશામાં નથી ફરતું ? નીચેથી ઉપર લોહીનું પરિભ્રમણ ચાલે છે. તે શું અજાયબી નથી ? અરે ! આપણી પીઠ પાછળ કોઈ પણ હાથ થી સહેજ ટપલી મારે તો પણ આપણે ઓળખી શકીએ છીએ કે કોણે ટપલી મારી ? અને આપણાં મુખમાંથી જે સ્વરો નીકળે છે જે આપણાં હૃદયમાં હોય છે તેને જોઈ શકતા નથી માત્ર સાંભળી જ શકીયે છે તો શું તે અજાયબી નથી ?

ખરેખર ! જે અજાયબી છે તે બહાર તો છે જ નહીં, જે કંઈ છે અને ખરેખર જોવા જેવું જે છે તે આપણી ભીતર જ છે. મારે આજે મારા આ લેખમાં સ્વયમ્ ની જ ઝાંખી કરાવવી છે અને મારી શકિતપ્રમાણે જેટલું ઊંડુ જવાશે તે જવા માટે મારો નમ્ર પ્રયાસ હશે.

કોઈક કાળે અત્યારે આપણે સૃષ્ટિ ને જોઈએ છીએ તેની પણ ઉત્પત્તિ તો ન જ હોવી જોઈએ. આ બ્રહ્માંડની શરૂઆત પણ શૂન્યથી જ થઈ હોવી જોઈએ. જેમ અંકગણિતની શરૂઆત પણ શૂન્યથી જ થાય છે ને ! ત્યાર પછી જ અંકગીનત અંકોની શરૂઆત થાય છે. જેની ગણતરી જ થઈ શકતી નથી. આપણાથી તેવી જ રીતે આ સકળ બ્રહ્માંડ ની શરૂઆત પણ શૂન્ય થી જ થઈ હોવી જોઈએ એવું મારૂં મંતવ્ય છે અને તેમાંથી જ અગણિત

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

સૂર્ય, તારાઓ, નિહારીકાઓ, ધૂમકેતુઓ, આકાશગંગા વગેરે વગેરે. મને ક્યારેક થાય છે કે આપણાં સૂર્યને બનાવનારની ઉર્જા પણ સૂર્યથી કેટકેટલી વધારે હશે કે આપણાં આ ઉર્જાવાન સૂર્ય ને બનાવી શકે? અને આવા તો કેટકેટલા સૂર્યો બનાવ્યા હશે ? મારો વિષય પણ આજ છે કે આપણે બહાર કશું જ ખોળવું નથી. બહાર તો એટલી બધી ભરમાર છે કે આપણે તેની અજાયબીઓ પામી જ નહીં શકીએ. માટે જે કાંઈ અજાયબીઓ છે તે આપણી ભીતરમાં જ છુપાયેલી છે તેને જો આપણે ઓળખી લઈએ તો બહારની વસ્તુઓને ઓળખતા વાર નહીં લાગે અને મનુષ્યે બનાવેલી વસ્તુઓ તેની સામે તુચ્છ લાગશે.

આપણે જન્મદિવસ ગમે તે દિવસે મનાવતા હોઈએ પણ સચ્ચાઈ તો એ છે કે માતાના ઉદરમાં તે પહેલાં આપણાં હૃદયનું ધડકવાનું શરૂ કરી દીધું હોય છે. હવે પ્રશ્ન થાય છે કે આજે પ્રાણ શકિત એ માંના ઉંદરમાં જે હલનચલન કરાવ્યું તે પ્રાણ શકિત નું અસ્તિત્વ તો પહેલાંનું હતું જ પરંતુ જયારે માંના ઉદરમાં જે પીંડની રચના થાય છે તેની સાથે સાથે તો પ્રાણશકિતના અસ્તિત્વની સાથે એકાકાર થઈ આપણું હૃદય ધડકતું રાખે છે અને આપણાં પીંડની સાથે સાથે આપણાં હાથ, પગ, હાડકા શરીરની રચના કાળક્રમે ચાલ્યા કરે છે તો શું આપણો આ પંચમહાભૂતવાળો પીંડ નવો રચાયો અને સંપૂર્ણ વિકાસની સાથે સાથે જયારે માંના ઉદરમાંથી બહાર આવે છે તેને આપણે જન્મ થયો એમ ગણીએ છીએ, એક સામાજીક વ્યવસ્થા પ્રમાણે ભલે તે સાચું લાગે પણ તેનું સર્જન તો નવ મહીના પહેલાં જ થઈ ચુકયું હતું જે આપણે સૌ કોઈ જાણીએ છીએ.

અહીંથી આપણાં જીવનની સફર શરૂ થાય છે. આખા બ્રહ્માંડમાં આપણે નજર દોડાવીશું તો દરેકે દરેક વસ્તુ ગતીશીલ લાગે છે. કયાંય કોઈ પણ જગ્યાએ કોઈ જ સ્થગિત છે જ નહીં. આ વિષય પણ ઘણો જ વિસ્તારથી લખી શકાય તેમ છે પણ આ લેખના શીર્ષક ઉપર પાછા આવીએ કે આપણે અહીં સ્વયમ્ ની જ ઝાંખી કરવી છે. આપણે ફરી પાછા આપણાંમાં રહેલ આ પ્રાણશકિતની જ ચર્ચા કરવી છે અને બની શકે તેટલું આપણાં શરીરની અંદર જ ઝાંખી કરવી છે અને બની શકે તેટલી ખોટી ગેરસમજો, કુરીવાજો થી પર થઈને જો આ પ્રાણશકિતને સાચા અર્થમાં જાણીશું તો જેમ હજારો વર્ષો પહેલા જે ભારત ઋષિ મુનીઓનો દેશ હતો, જે આપણી સમૃધ્ધ સંસ્કૃતિ હતી તે તરફ સાચી દિશામાં જઈ શકીશું.

થોડા અંદર આપણે જોઈશું તો આ પ્રાણશક્તિ ચોવીસ કલાક આપણાં શરીરમાં કાર્યશીલ છે. તેની પ્રચંડ શકિતને કારણે જ આપણાં બધાનું હૃદય ચોવીસ કલાક ધબકતું

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

રહે છે. ક્યાંય રૂકાવટ નથી, ક્યાંય થકાવટ નથી, નીતનવીનરૂપે બસ ચાલ્યા જ કરે છે અને તેજ આપણી જીંદગી પ્રાણશક્તિ આપણને દેખાતી તો નથી પરંતુ તેના અસ્તિત્વના અહેસાસનો અચૂક આપણને અનુભવ કરાવે છે. જેમ કે પવન આપણને ક્યાં દેખાય છે ? સૂર્યના કિરણો ક્યાં આપણને દેખાય છે? રેડીયામાં આવતા અવાજના તરંગો ક્યાં દેખાય છે ? પરંતુ રેડીયાના માધ્યમથી આપણે તે સાંભળી શકીએ છે ને !!

જેવી રીતે આપણે કોઈ ઘર બનાવડાવીએ અને તેમાં આપણે રહીએ છીએ તેવી જ રીતે આપણું આ શરીર. અરે ! આ સમગ્ર સૃષ્ટિ જેમાં પશુ, પક્ષી, વૃક્ષ, સૂર્ય, તારા, ગ્રહો, વગેરે વગેરે જે પણ દશ્યમાન વસ્તુઓ છે તે સમગ્ર આજ સુપર પાવર પ્રાણ શક્તિએ બનાવેલ છે અને તેમાં તેનો જ વાસ છે. ઘર અલગ અલગ છે પરંતુ તેમાં રહેનાર તો એકમાત્ર એ જ પ્રાણશક્તિ છે. તેની હાજરીને કારણે જ સમગ્ર ક્રિયાઓ થઈ રહી છે. ઉપરની સમગ્ર વસ્તુઓનું એક સમયે અસ્તિત્વ જ ન હતું. પરંતુ આ સુપર કોસ્મિક પાવરના કારણે જે તેનું સર્જન થયેલ છે અને જેનું સર્જન છે તેનું વિસર્જન પણ નક્કી જ હોય છે. જે આપણને બધાને ખબર છે.

હવે આપણે આપણાં શિર્ષકના હેઠળ જોઈશું તો આપણું આ શરીર એ પ્રાણશક્તિનું સુંદર મઝાનું ઘર છે. એટલે જ કદાચ કોઈ કવિએ લખ્યુ હશે કે દિલ એક મંદીર હૈ. ખરેખર આપણું શરીર એક મંદીર સિવાય કશું જ નથી. પરંતુ આપણને જેમ ચોખ્ખા ઘરમાં જ રહેવાનું ગમે છે તેમ આપણી આ પ્રાણશક્તિને પણ આપણાં શરીરની ગંદકી સહેજે પણ પસંદ નથી. હવે તેમ જ વિચારો કે જ્યાં દુર્ગંધ મારતી હોય ત્યાં આપણે રહેવાનું પસંદ કરીશું ? અરે ! ત્યાં આપણાંથી ઉભા પણ નથી રહેવાતું તો રહેવાનું કેવી રીતે પસંદ કરીશું ?

જીવન જીવવા માટે આપણને કુદરતે હવા, પાણી અને ખોરાકની ભરપૂર માત્રામાં ઉપલબ્ધિ કરાવી છે. પરંતુ માત્ર એટલી જ વસ્તુ જાણી લેવાની જરૂર છે કે ઉપરોક્ત ત્રણેય વસ્તુઓ કેટલી માત્રામાં લેવાવી જોઈએ. એક અભ્યાસ ઉપરથી જાણવા મળેલ છે કે આપણાં ફેફસાં કુદરતે જે રીતે બનાવ્યા છે તેનો માત્ર ૧૦% જેટલો જ આપણે ઉપયોગ કરીએ છે. જો સવારે સૂર્યોદય પહેલા પ્રાણાયામ બરાબર રીતે કરવામાં આવે અને આપણાં ફેફસામાં ઓક્સીજનનું પ્રમાણ ખાલી ૫૦% થી ૬૦% જેટલું વધારીએ તો આ જ પ્રાણશક્તિ આપણાં અડધા જેટલાં રોગો તો એમ જ મટાડી શકે તેમ છે. પરંતુ આપણે શ્વાસમાં શુધ્ધ હવાની જગ્યાએ અશુધ્ધ હવાને જ ફેફસામાં ઠાલવતાં આવીએ છીએ. અવારનવાર એ

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

એની સાંકેતિક ભાષામાં આપણને જણાવે છે જ પરંતુ આપણે બેફીકર થઈને કાંઈ ધ્યાન રાખતાં નથી અને છેવટે દમ, અસ્થમાં, એલર્જી વગેરે વ્યાધિમાં ફસાઈએ છીએ.

તેવી રીતે પાણી પણ આપણે આરો ના રવાડે ચઢીને નેચરલ મીનરલવાળુ પાણી ભૂલી જ ગયા છે. તેના કારણે પણ આપણાં હાડકાં બરડ થઈ જાય છે તેની મજબૂતી ઓછી થઈ જાય છે અને સહેજ માં પડી જઈએ તો ભાંગી જાય છે. આ પ્રાણ શક્તિ એ કેટકેટલાં જતનથી આપણાં હાડકાં બનાવ્યા હતા. કારણકે આપણે પણ કોઈ ઘરમાં રહેવાનું હોય તો તેની મજબૂતાઈ તો ચકાસીને જ રહીએ ને ?

અને છેલ્લે ખાવામાં તો આપણે આંખો મીંચીને બસ મંડી જ પડીએ છીએ. જીભના એક ક્ષણીક સ્વાદ માટે આપણે આપણી હોજરીમાં બસ પધરાવી જ રાખીએ છીએ.આપણે ખાઈએ છીએ તેનું પાચન આ પ્રાણશક્તિ જ કરે છે. પ્રાણશક્તિના કાર્યમાં બે અગત્યની વસ્તુઓ જાણવા મળી છે કે આપણું જીવન ટકાવી રાખવા માટે આ પ્રાણશક્તિ આપણને કાંઈ વાગ્યુ હોય, છોલાયુ હોય કે શરીરની કોઈપણ બીમારી હોય તેના રૂઝ માટે પણ કાર્ય કરે છે અને બીજુ આપણી હોજરીમાં જે અન્ન આપણે ખાધું હોય તેને પચાવવાનું પણ ભગીરથ કાર્ય તે અવિરતપણે કરે છે. હવે આપણી પાસેના ૨૪ કલાકમાંથી જ તેને સમગ્ર ક્રિયા કરવાની હોય છે. આપણે જે રાંધેલો ખોરાક ખાઈએ છીએ પચતા પચતા કયારેક ૧૨ થી ૧૬ કલાકનો સમય લાગતો હોય છે. એટલે કયારેક એવું પણ બનતું હોય છે કે આપણે અગાઉનો ખાધેલો ખોરાક પચ્યો પણ ન હોય ને ઉપર થી બીજો ખોરાક સ્વાહા !! તેમ વિચાર્યું છે કે કેટલું ઓવરબર્ડનથી આપણી આ પ્રાણશક્તિને કાર્ય કરવું પડતું હશે ? અને આ પચ્યા વગરના તો ખોરાક જ આપણાં શરીરમાં અનેક રોગોનો જન્મ આપે છે. તે લક્ષણો જોવા હોય તો શરૂઆત આપણાં પેટની ચરબીથી શરૂ થઈ ડાયાબીટીસ, એસીડીટી, કમરનો દુઃખાવો, પગનું જકડાઈ જવાપણું વિગેરે વિગેરે અસંખ્ય રોગોનું ઘર બની જાય છે. હવે આ દિલ એક મંદીર અસંખ્ય રોગોનું ઘર બની જાય તો તમે જ વિચાર કરો કે અંદર રહેવા વાળા પેલા પ્રાણ–શક્તિ શું હાલત થતી હશે તેને કેટલી યાતના થતી હશે. તેને તો તમને સંપૂર્ણ નિરોગી સુખી રાખવા માટે કેટલીવાર તમને ચેતવ્યા, તમારા માટે ૨૪ કલાક મહેનત કરી તમને ટકાવી રાખ્યા પણ આપણી નાસમજ, આપણાં કુરીવાજો, આપણાં અહંકારો છેવટે આપણને લાચાર પરિસ્થિતિમાં મુકી દે છે.

માટે મારે સંક્ષિપ્તમાં એટલું જ કહેવું છે કે આપણે બસ આપની અંદર બીરાજમાન આ મહાન પ્રાણશક્તિને અનુભવીએ તેને અનુકુળ આવે તેવું આપણું શરીર દીલ એક મંદીર જેવું બનાવીએ જયાં માત્ર ને માત્ર સાદગી, નિખાલસતા, નિર્દોષ મન, પવિત્ર જીવન

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

હોય ક્યાંય લેશમાત્ર પણ કપટ, લુચ્ચાઈ, બેઈમાની, અહંકાર જેવી કોઈ વસ્તુની ગુંજાઈશ ના હોય આ શક્ય છે પરંતુ શરૂઆત સ્વયમ્ થી જોઈએ.

**–કિશોર એન. પરીખ**
**ભરૂચ**

## યાદ છે

કાલે તમને મધુર ચુંબન કર્યાનું યાદ છે,
એ ચુંબનથી દિલ તમારું ઝણઝણ્યાનું યાદ છે.
કાલે તમને એક ફૂલ દીધાનું યાદ છે,
એ ફૂલ તમે કેશમાં સજાવ્યાનું યાદ છે.
કાલે તમે એક મીઠું સ્મિત આપ્યાનું યાદ છે,
એ સ્મિતથી દિલ મારું મોહીત થયાનું યાદ છે.
કાલે નજરોના તીરથી મને ઘાયલ કર્યાનું યાદ છે,
એ તીરથી સરવણી પ્રેમની ફૂટયાનું યાદ છે.
કાલે તમે ઉર્મિનો રસથાળ કર્યાનું યાદ છે,
અને નીંદર મારી તમે ચોરી ગયાનું યાદ છે.

**– ઉદય શાહ, અમદાવાદ**

## પેનલ જાહેર ખબરનાં બીલ અંગે

પેનલ જાXખ નાં બીલો મોકલી આપેલ છે. અગાઉનાં વર્ષની બાકી રકમ અંગે અલગથી જાણ કરેલ છે. સત્વરે પૂરી રકમનો ચેક શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટનો મોકલી આપવા વિનંતી છે. બીલની રકમ NEFT / ઓનલાઈન ટ્રાન્સફરથી પણ ભરી શકાય છે. મળેલ રકમની પાવતી દરેકને મોકલી આપવામાં આવે છે જ્ઞાતિમિત્રોને વિનંતી કે આપે મોકલેલ રકમની પાવતી મળેલ ન હોય તો વા.મિ.માં મળેલ રકમની યાદીમાં ચેક કરી લેવું કોઈ ક્ષતિ જણાય તો મો.: ૯૪૨૮૪૬૧૮૨૨ ઉપર વોટ્સઅપથી સંપર્ક કરી શકાશે.

**– વ્યવસ્થાપક**

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

# સુખ



વ્યક્તિ જયાં હોય છે ત્યાં સુખી નથી અને જયાં નથી હોતી ત્યાં જ એને સુખ અને સૌદર્ય દેખાય છે.

એક અમેરીકન લેખકે પોતાના સંસ્મરણમાં લખ્યું છે કે કેલિફોર્નિયાની સુંદર સુરમ્ય ઘાટીઓમાં મારો જન્મ થયો. એક માછીમારને ત્યાં હું જન્મયો, સુંદર તળાવોમાં, નયનરમ્ય નદીઓમાં સૌંદર્યથી ભરેલા વાતાવરણમાં માછલી પકડતાં પકડતાં મારૂં બાળપણ વીત્યું.

જયારે હું માછલી પકડવા માટે કોઈ સરોવરની પાળે બેઠો હોઉં અને વાંસળી વગાડતો હોઉં ત્યાં આકાશમાંથી હવાઈ જહાજ પસાર થતાં, ત્યારે મારા મનમાં એક જ ઈચ્છા પ્રગટ થતી કે કયારે એવો સમય આવશે જયારે હું પાયલોટ બનીને આકાશમાં ઉડું ! કેટલો આનંદ આવતો હશે ત્યાં ઉંચે આકાશમાં ! હું અહીં નીચે બેસીને માછલીઓ મારવામાં સમય વેડફી રહ્યો છું !

સંયોગની વાત છે એ માણસ ખૂબ ભણ્યો. પાયલોટ બન્યો, શહેરી સંસ્કૃતિની ઝાકઝમાળ વચ્ચે એનું જીવન વીતવા લાગ્યું મોટા મોટા મકાનો, વાહનોની દોડાદોડ અને ઉંઘ માટે તડપતી રાતો વચ્ચે કયારેક એને પોતાનું પૂર્વજીવન યાદ આવતું કેમ કે અહીં કયાંય તારાથી ઝગમગતું આકાશ, પાણીથી ભરેલું સરોવર, ખળખળ વહેતી નદી કે લીલાંછમ વૃક્ષોથી ભરેલું વાતાવરણ જોવા મળતું નહીં.

રોજ એ વતનની ઘાટીઓ પરથી હવાઈ જહાજ લઈને પસાર થતો અને મનમાં વિચારતો હે ભગવાન ! હવે હું રિટાયર ક્યારે થઈશ ? કયારે એવો સમય આવશે જયારે હું ઘાટીઓમાં, નદી કિનારે બેસી માછલી મારીશ !

વારંવાર આ વિચાર આવ્યા કરતો પરંતુ એક દિવસ અચાનક એને ખ્યાલ આવ્યો કે આ હું શું કરી રહ્યો છું ? કેવા પ્રકારની ઈચ્છાઓ વચ્ચે હું ફસાયો છું ?

એ ઘાટીઓમાં હું પહેલાં રહી ચૂકયો છું. એ જ સરોવરની પાળે બેસીને મેં માછલીઓ મારી છે. તે વખતે મને સૌદર્ય કેમ ન દેખાયું ? વૃક્ષોની એ હરીયાળી મને તે વખતે કેમ ન સ્પર્શી ?

સ્વ. વિદ્યાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

ત્યારે મને આકાશમાં ઉડવાની ઈચ્છા થતી હતી. શહેરી જીવન મને આકર્ષતું હતું. જેવો હું આકાશમાં પહોંચ્યો, પાયલોટ બન્યો, ત્યારે આકાશી ઉડાનનું આકર્ષણ આપોઆપ ઘટી ગયું. શહેરનું ધમાલિયું જીવન કંટાળાજનક લાગવા લાગ્યું. હવે ફરીથી એ જગ્યા સુંદર લાગવા લાગી.

શું માનવ મનની આ જ ખાસિયત હશે ? માણસ બાળપણમાં જલ્દીથી મોટા થઈ જવાની ઈચ્છા કરે છે અને મોટા થયા પછી ફરીથી બાળપણની યાદ આવે છે.

આવું કેમ ?

વ્યક્તિ જયાં હોય છે ત્યાં સુખી નથી અને જયાં નથી હોતી, ત્યાં જ તેને સુખ અને સૌદર્ય દેખાય છે.

આપણે જ્યાં હોઈએ, ત્યાં મન આપણને સ્થિર થવા દેતું નથી. જયાં ન હોઈએ ત્યાં જ એ આપણને ખેંચી જાય છે. કાં તો એ આપણે ભૂતકાળની વીતેલી પળ તરફ ખેંચી જાય છે અથવા ભવિષ્યની નહીં આવેલી જિંદગીના સ્વપ્નો બતાવવા લાગી જાય છે, વર્તમાનની ક્ષણમાં મન આપણને સ્થિર થવા દેતું નથી. જે વ્યક્તિ મનના આ ખેલને સમજી જાય છે, તેના માટે વર્તમાનક્ષણ મહત્વની બની જાય છે. મનની આ વૃતિમાંથી આવી વ્યક્તિ બહાર આવી જાય છે. એના માટે એ જે સ્થિતિમાં હોય, ત્યાં સુખના દ્વાર ખૂલી જાય છે. એના માટે સુખ દૂર કે ભવિષ્યની ક્ષણોમાં નથી. અહીં અને અત્યારે જ સુખી થવાની કળા એ વ્યક્તિને આવડી જાય છે.

**– પ્રેરણાબહેન પરીખ, મુંબઈ**

**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા વાયડમાં**
**શ્રી માતાજીનો ભાદરવા સુદ ૬ નો હવન**

આ વર્ષે તા. ૪–૯–૧૯ ભાદરવા સુદ ૬ ના રોજ વાયડમાં શ્રી સમીરી કામદાદેવી માતાજીનો નવચંડી હવન થયો હવનમાં બેસવાનો લાભ શ્રી સતીષભાઈ દલાલ (ભરૂચવાળા) હાલ મુંબઈ તથા તેમના ધર્મપત્ની એ લીધો. હવનમાં શ્રીફળ સાંજે બરાબર પાંચ વાગે હોમવામાં આવ્યું. દર્શનાર્થીઓએ–મુંબઈ–વડોદરા–અમદાવાદ–મહેસાણા પાટણ તેમ પંચાલભાઈઓએ લાભ લીધો. સવારે ચાહ–નાસ્તો, બપોરે ફરાળ તથા સાંજે પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. ખૂબ આનંદથી હવન સંપન્ન થયો.

**– સેક્રેટરી**
**અજયભાઈ એ. પરીખ**

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ–માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# The first step to Build your Image



Few days back, I went to one of the most happening events in Ahmedabad. There were more than 200 people. The registration got started before an hour.

Plenty of people were standing in a queue. Talking amazing, laughing and interacting.

But something made me wondering. There were few people who were out of the crowd. As if do not belong the caste. People were not approaching those bunch of people. And I was like, why this?

So, I started to observe the behavior, the pattern, that eye contact, how they walk and talk. And do you know what I found? People were not only approaching each other randomly. They were actually scanning a person with whom they "thought" to interact. So, I paid more attention and I noticed that, people with good sense of attire, confident body language and positive vibes, were the people on preference to talk.

I was feeling pity on another small bunch of people, who were left alone in the corner of the room, and they were not even talking to each other. Says a lot more thing, right? So, which part do you want to belong? A bigger bunch of people with decent personality who attract good vibes? Or want to stand out in a corner doing nothing? Yeah, I know what you have thought in your mind and stick to it.

The question is HOW? How we can be one of them best attractive people? how we can develop such a great personality to attract people towards us? How we can be so attentive that without saying a word or giving our introduction, people come to us to talk.

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

The answer to all the questions is: The way you carry your personality; the first step to build your image.

Personality does not born with you, it is being developed during the life you live, people you visit, books you read and choices you make. So now you have decided what you want to be, here is a key. Follow these three steps and make a change in your personality, the positive change.

Self-Awareness: Before everything else, look within you. What kind of person you are, which kind of attire you prefer? You should be aware about your preference and motivation, because these factors influence your judgment, decision and interaction with people. Your feelings and confidence play the most important role to decide what personality do you want to carry.

Self-Disclosure: Once you have made up your mind what you want to be, how you want to look like, share your thoughts, your feelings and the change you want to bring in you. Share it with your friends, your close relatives, someone whom you trust. But don't forget one thing, they may restrict their selves to get agree with you, but if you are stick to what you want, there is no one who can stop you.

Remember, change first brings fear, and then brings confidence.
Diverse Experiences: This is a stage where you really want to bring change and develop your personality and it does not come along just by thinking. Go out, meet new people, develop friendship, go new places and learn. Learning is a seed to any development. Being open to experiences broadens our horizons. It helps us to see ourselves in a new light while giving us new information about ourselves and our ability to interact with the world.

Next time I see you, I would like to see the new you.

**- Shreya Parikh**

**Organizational Coach & Mentor | Soft Skill Trainer | Growth Catalyst**

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

## ક્ષમા યાચના

વર્ષ દરમ્યાન ઘણા જ્ઞાતિબંધુઓ પોતાની જાહેરખબર, ભેટ આપી વાયડામિત્રને આર્થિક રીતે ઘણી મોટી મદદ કરતા રહે છે. અમો તે સૌનાં આભારી છીએ. લેખકમિત્રો પોતાની મૌલિક રચનાઓ મોકલી વાયડામિત્રને ઉત્તરોતર વધુ સમૃદ્ધ બનાવી રહ્યા છે અમો તે સૌનો વિશેષ આભાર વ્યક્ત કરીએ છીએ.

– આપની મોકલેલ રચના, લેખ, કવિતા, વાર્તાને સમાવવામાં અથવા છાપવામાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમા કરશો.

– વર્ષ દરમ્યાન જાહેર ખબરનાં બીલ, પાવતી મોકલવામાં ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમા કરશો.

– જ્ઞાતિ સમાચાર, લગ્નવિષયક, જાહેરખબર કે અન્ય વિગતમાં કોઈ ક્ષતિ રહી ગયેલ હોય તો ક્ષમા કરશો.

– વર્ષ દરમ્યાન જાહેરખબર લેવામાં, સ્થાન જાળવવામાં અથવા પ્રિન્ટીંગ દરમ્યાન કોઈ ભૂલ રહી જવા પામેલ હોય તો ક્ષમા કરશો.

– વાયડામિત્ર અંક નિયમિત, સમયસર મળવામાં વિલંબ થયો હોય તો ક્ષમા કરશો.

**ક્ષતિ રહિત સેવા માટે કટિબધ્ધ**

**– વ્યવસ્થાપક**

## ક્યારે આવીશ ?

નીકળશે સૂરજ કાલે થઈને વાદળો પર અસવાર,
હશે તારા વિનાની કાલે કેવી મારી સવાર.
તારા વગાર રે કોણ મનો રાહ બતાવશે,
વિયોગ તારો મારા દિલનો ખૂબ સાલશે,
દિવસ વિતશે, વિતશે રાત શીદ, તારા સ્મરણમાં,
રહી જશે ભીનાશ નયનોમાં, ને વાતાવરણમાં.
આવીશ તું ક્યારે તેની રાહ ક્ષણે ક્ષણ જોઉં,
તારી યાદમાં દિવસ રાત ધીરજ મારી ખોઉં,
ન તું આવે, અરે ન તારો સંદેશ પણ આવે,
તું અનો તારી યાદ હરપળ મનો સતાવે.

**– ઉદય શાહ, અમદાવાદ**

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ (પાટણ) પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ.

# છબી



છેલ્લા ચોવીસ કલાકથી અવિરત પડી રહેલા મેઘરાજાએ હમણાં જ પોરો ખાધો હતો. કાળા ડિબાંગ વાદળા ધીરે-ધીરે કરીને વિખેરાઈ રહ્યા હતા. અવનિ ઉપરનો જાંબુડી અંધકાર સલૂણી સપ્તરંગી સંધ્યામાં બદલાઈ રહ્યો હતો. તેમ છતાં ક્ષિતિજની ચિર વિદાયના અઠવાડીયા જેટલા સમયમાં જાણે યુગોની વિરહતાનો ઝુરાપો વેઠી રહી ધરતીની મુખમુદ્રામાં કોઈ જ ફેરફાર દેખાતો ન હોતો.

"મોમ, મને ખબર છે કે, તું ડેડના અચાનક ચાલ્યા જવાથી તેમના મૃત્યુને સ્વીકાર કરવાની સ્થિતિમાં નથી એટલે જ તે એમના ગયે આઠ-આઠ દિવસ થઈ ગયા હોવા છતાં એમની છબીને હાર નથી પહેરાવ્યો ? પણ, મોમ એ વાત પણ એટલી જ સાચી છે કે ગયેલા ક્યારેય પાછા નથી આવતા એટલે જ એ સ્વર્ગવાસી સ્વજનની છબી પર હાર ચડાવવાથી આપણે તેમના પ્રત્યેની લાગણી, પ્રેમ, શ્રધ્ધા અને વિશ્વાસ તથા આસ્થા પુરવાર કરીએ છીએ."

અડધા-એક કલાક પહેલા નીશાએ કહેલ વાતને મનમાં ને મનમાં ચગળતાં ધરતી, ક્ષિતિજની આદમકદની છબીની આંખોમાં આંખ પરોવીને પોતાના આંતરમન સાથે કેન્દ્ર કરવા લાગી. એની દૃષ્ટિ ધુંધળી પડી ગઈ અને એ ધુંધળી દૃષ્ટિમાં એનું અતીત ચલચિત્રની પટ્ટીની માફક પસાર થવા લાગ્યું.

* * *

બ્લ્યુ આંખો, ગુલાબી હોઠ, રતુમડાં ગાલ ને કાળા ભમ્મર વાળ સાથે આછા લીલા રંગના શરીરે ચપોચપ બેસતાં સલવાર-કમીઝ ધરતીની કાયાના વળાંકોને વધુ સ્પષ્ટ બનાવતા હતાં અને ઉપરથી ઓઢેલી ડાર્ક ગ્રીન રંગની બાંધણીવાળી ઓઢણી તેની ગૌરી ત્વચાને વધુ માદક બનાવતી હતી.

"કહે જોઉં કોણ હશે ?" ધરતીની આંખો પર પાછળથી પોતાની હથેળી મૂકતાં આકાશ બોલ્યો.

"આકાશ... પ્લીઝ...!!" શ્રાવણ-ભાદરવો વરસાવતી આંખે ધરતી બોલી રહી

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

હતી... "ક્યારેક તો સિરિયસ બનીને મારી વાત... ખેર... મેં તને એ વાતની જાણ કરવા માટે અહી બોલાવ્યો છે કે, હવે આપણે આમ મળી નહીં શકીએ. કારણકે..."

"કારણકે... શું....? બોલને....ધરતી..." આકાશ અધીરો બની ગયો.

"એટલા માટે કે, મારા પેરેન્ટર્સ મારા લગ્ન નક્કી કરી લીધા છે. એટલે હવે હું ફક્ત મારા પતિને જ મળી શકીશ પ્રેમીને નહીં... શો... આપણે હવે આમ મળવાનું બંધ કરવું પડશે...."

"પતિ...?? કોણ છે એ બલીનો બકરો...? કોણ જાણે હમણાં જ એને હલાલ કરી દઉં..."

"અચ્છા... તો સાંભળ એ નંગ–નમૂનો... તું... પોતે જ છો... કર હવે પોતાને હલાલ...!!"

"યુ.... તું. કયારેય નહીં સુધરે.." ધરતીને પોતાની પહોળી પૌરૂષી બાહુપાશમાં આકાશે જકડી લીધી. આ મધુર પળોને માણ્યા બાદ એ જ અવસ્થામાં એક બીજાને વળગીને આંખો મીચીને પડયા રહ્યા ખબર નહીં કંઈ કેટલીએ વાર સુધી !!!

કોઈ કાંઈ સમજે કે વિચારે એ પહેલાં જ કોણ જાણે કયાંથી આવી ચડેલા એક બુકાનીધારીએ આકાશના માથામાં લોખંડનો પાઈપ ઝીંકીને તેને ઘાયલ કર્યા બાદ ઝાડ સાથે બાંધી દીધો. ધરતીને પરિસ્થિતિની ગંભીરતા સમજાતાં તે પોતાના શરીરમાં હતું એટલું બળ ભેગું કરીને દોડવા લાગી.

પણ... એ બુકાનીધારીની મજબૂત બાહુપાશ ધરતીને જકડવામાં સફળ થઈને જ રહી.

"પ્લીઝ ! મને જવા ધ્યો. મારી સાથે... આમ... પ્લીઝ.."

પરંતુ એક પણ શબ્દ મોંમાથી કાઢયા વગર જ અને ધરતીની આજીજી ચિત્કાર અને સિસકારાની પરવા કર્યા વગર જ પોતાની મંશા મુજબ આકાશની ઝૂકેલી આંખો સમક્ષ જ ધરતીની આબરૂના લીરે–લીરા કરી નાખ્યા અને એને કણસતી હાલતમાં છોડીને ભાગી નીકળ્યો.

* * *

ધડામ્ નીશાએ એક ઝાટકે દરવાજાને ખોલીને અંદર આવતાં કહ્યું – "ઓહ... મોમ

એમ. જે. નગરશેઠ (અમેરિકા)ના જય શ્રી કૃષ્ણ.

તું હજી અહીં જ ઊભી છો ? થોડી વાર આંખો બંધ કરીને લેટી જા, ઊંઘ ભલે ન આવે પણ તને આરામ જરૂર મળશે. બાય ધ વે, શું કહેતી હતી ડેડને ?"

"હા.. ના.. ના.. કાંઈ નહીં, કાંઈ તો નહીં દીકરા."

"મોમ, તને એક વાત કહેવી છે. નીશાની હેઝલની બંને આંખો વધુ પારદર્શક બની ગઈ. એણે ધરતીની આંખોમાં આંખ પરોવીને પોતાની વાતને આગળ વધારી આ વાત ખરેખર ડેડ આપણી વચ્ચે હતાં ત્યારે જ કરવી હતી મારે પણ ખેર, મને એ મોકો જ ન મળ્યો એટલે આજે ડેડની અપ્રત્યક્ષ હાજરીએ તને આ વાત કહું છું કે મને... એટલે કે મા...રી... કોલેજમાં એક છોકરો છે.. પ્રભાત... હું... અમે... એકબીજાને ખૂબ જ પસંદ કરીએ છીએ અને યુવાનીના નશામાં અમે એકથી વધુ વખત એકબીજાની નિકટ..."

"ની...શા... આ તું ... તું.. શું..."

"મોમ, પ્લીઝ ! મારી પૂરી વાત સાંભળ, આમ ઉશ્કેરાઈ ન જા, તારું બી.પી. વધી જશે મને ખબર છે કે, અત્યારે તું કેવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે પણ..."

"પણ.. બણ રે વાદે, પૂરી વાત કર." ધરતી ધ્રુજી રહેલ અવાજ સાથે બોલી તેને પોતાનો ભૂતકાળ આળસ મરડીને પુર્નઃ જીવિત થતો દેખાયો.

"જો મોમ ! મેં મારી સીમાઓ કયારેય પાર નથી કરી. મારી મર્યાદાઓનું સુપેરે ભાન છે. મારો આત્મા તારા અને ડેડ ના સંસ્કારથી સુસજ્જ છે એટલે આવી ભૂલ તો હું સ્વપ્ને પણ ન કરી શકું. પણ, પ્રભાત પોતાની જાત ઉપર કેટલો સમય સંયમ રાખી શકશે તેની મને ખબર નથી માટે જ મેં નિર્ણય કર્યો છે કે, જયાં સુધી પ્રભાત અમારા સંબંધનો સ્વીકાર તેના મમ્મી–પપ્પા પાસે ન કરે અથવા કરી જ ન શકે તો હમેંશના માટે તેનાથી દૂર થઈને રહેવું. ક્ષિતિજની છબી સામે જોઈને પોતાનાં દૃઢ આત્મવિશ્વાસને વ્યકત કર્યા બાદ રૂમમાંથી જતાં જતાં નીશા બોલી અને હાં મોમ, જે વ્યક્તિ પોતાની લાગણીને બીજા સમક્ષ પ્રગટ કરવાની અને સ્વીકારવાની હિંમત ન દાખવી શકે તે મારી નજરમાં તો કાયર.. છે.. કાયર..."

કાયર... કાયર.. આ શબ્દો ધરતીના કાનમાં રીતસર અફળાવા માંડયા તેની છાતીમાં કંઈક સૂંથાનું તેમ તેને લાગવા માંડયું તેની નજર કરી એક વખત ક્ષિતિજની છબી ઉપર સ્થિર થઈ અને તેની દૃષ્ટિ ધૂંધળી પડવા લાગી આ ધૂંધળી દૃષ્ટિમાં પાછો તેનો

ગો. ચંદનબહેન ગો સરોજબહેનનાં સર્વેને જય શ્રી કૃષ્ણ – હ. કેતનભાઈ

ભૂતકાળ તકલીફો, પરેશાનીઓ અને પીડાની આગ ઓક્તો નાચવા માંડયો.

* * *

ધરતીએ પોતાની સાથે થયેલ બળાત્કારની કારમી ઘટનાને ભૂલવાની અને એમાંથી પોતાની જાતને બહાર લાવવાનો ભરપુર પ્રયત્ન કર્યો. પણ, જેની સાથે પોતાના તન અને મનનું સંધાણ કર્યું હતું એ વ્યક્તિ, એ આકાશ, પોતાને તકલીફોના એંધાણ વચ્ચે એકલી અટુલી મૂકીને પોતાનું જીવન સજાવવાના શમણાં સાથે ભાગી છૂટયો હતો એ દગાની વસમી વેદનાને કેમે કરીને વિસારે પાડી શકતી ન હોતી એમાં પણ તેના ઉદરમાં રોપાયેલું બીજ!!! બસ એ જ ચિંતા એને અંદરથી તોડી રહી હતી. આ પાપ છે કે પ્રેમનું અંકુર... અને અંતે... આવનાર બાળકના ભવિષ્યની પરવા, સમાજના દૃષ્ટિકોણનો વિચાર, માતા–પિતાનું દબાણ અને પોતાની શારીરીક–માનસિક હાલત જેવી બાબતો પર ઊંડો વિચાર કર્યા બાદ ધરતી એ ક્ષિતિજ સાથે પ્રભુતામાં પગલા પાડયા.

સુહાગની સેજ ઉપર ખુશ્બુદાર ગુલાબના ફૂલોની વચ્ચે લાલ ચટ્ટક સાડીમાં શણગાર સજીને બેઠેલી ઢીંગલી જેવી ભાસતી ધરતીની તો ક્ષિતિજ સામે નજર મેળવવાની પણ હિંમત ચાલતી ન હોતી. તેના હૃદયનો એક ખૂણો હજુ પણ આકાશને ઝંખતો હતો. ઉપરથી ઉદરમાં રહેલું બીજ.. આગળની પળે તેની સાથે શું થશે તેની અટકળો કરતી તે પગથી ચાદરને ખોતરતી બેઠી રહી.

“જો ધરતી મેં તારી સાથે અગ્નિ અને પ્રભુની સાક્ષીએ લગ્ન કર્યા છે એટલે તારા તન અને મન બંનેનો સંપૂર્ણ અધિકારી હું છું, એ વાત સાચી પણ તે ફક્ત સમાજ માટે.. તારી શારીરીક અને માનસિક હાલતથી બરાબર વાકેફ છું માટે હું તને વચન આપું છું કે, તું સામાજિક દૃષ્ટિએ આજીવન મારી પત્નિ કહેવાઈશ અને હું તારા આવનાર બાળકનો પિતા. તે સિવાય મારા દ્વારા તારા શરીર કે હૃદય પર કયારેય પણ બળજબરીપૂર્વક અધિકાર નહીં જતાવાય એ તને વચન આપું છું.”

ક્ષિતિજને સાંભળીને ધરતીનાં હૃદયે જાણે પળવાર માટે ધડકવાનું બંધ કરી દીધું હોય તેમ તે શૂન્યમસ્તક બનીને ક્ષિતિજ સામે જોઈ રહી.

“તું શાંતિથી અને સલામતીથી આ રૂમમાં રહે. આજથી હું મારી વ્યવસ્થા ગેસ્ટ રૂમમાં કરી લઈશ.” ધરતીને પોતાની સામે અનિમેષ નયને તાકતાં જોઈને ક્ષિતિજ બોલ્યો અને રૂમમાંથી સડસડાટ બહાર નીકળી ગયો. ધરતી એને આભારવશ નજરે બહાર નીકળતા

સ્વ. સુશીલાબહેન અને સ્વ. વ્રજરત્નદાસ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. રાધિકા પરીખ

જોઈ રહી અને આકાશ પ્રત્યે કડવાશ ઊભર કર્યા જેને પોતાના તનનો માલિક બનાવ્યો હતો એ કાયર! અને કયાં આ વ્યક્તિ જેને મનથી પણ પોતાનો...

ક્ષિતિજની ભગવાન રૂપી છબીને ધરતીએ પોતાના મનમાં જડબેસલાક બેસાડી દીધી હતી. પોતાની જાતને ક્ષિતિજની જિંદગીમાં ગોઠવવાનો પ્રયત્ન પણ કરવા લાગી હતી. જો કે ક્ષિતિજે પોતાનું વચન કયારેય ઉથાપ્યું ન હોતું અને દિવસોને જાણે પાંખો ફૂટી હોય તેમ મહીનાઓ બનીને પાણીના રેલાની માફક સડસડાટ પસાર થવા લાગ્યા.

સાત વચન અને આઠમી ભીષ્મ પ્રતિજ્ઞા સાથે નીશાનું આગમન થયું. પારકાને પણ પરાણે વ્હાલુ લાગે એવી રૂપકડી નીશા. એક સમય હતો જયારે ધરતી જેને પાપની નિશાની માનીને પેટમાં જ પતાવી નાખવા સુધી પહોંચી ગઈ હતી તે જ નીશાને કારણે આજે એનું જીવન ખુશી અને વ્હાલથી તરબતર બનીને હિલાળે ચડયું હતું. ક્ષિતિજ પણ નીશા પર અનહદ વ્હાલ વરસાવતો. ધરતી નીશાને એકીટશે જોઈ રહેતી પરંતુ એની હેઝલબ્રાઉન આંખો જોતાં જ કડવાશ સાથે આકાશની છબી આંખો સામે તરવરતી પરંતુ બીજી જ મિનિટે નીશાના ગાલમાં પડતાં ક્ષિતિજ જેવા ખંજનને કારણે દાનવની છબીનું સ્થાન દેવની છબીમાં વિસ્તરીત થઈ જતું. અને આમ ધરતી ધીરે આકાશને ભૂલવા લાગી હતી.

* * *

ફટાક ! જોરદાર પવનના કારણે બારીએ ભટકાવવાથી ધરતીની વીચાર–ધારામાં વિક્ષેપ પડયો. પવનદેવની પાંખે ધીમી ધારે મેઘરાજાએ પાછું વરસવાનું શરૂ કરી દીધું હતું. તેણે ઝડપથી બારી બંધ કરી દીધી. પણ બારી બંધ કરવા જતાં ટેબલ ઉપર પડેલા ગુલાબના હાર પર તેની નજર પડી અને તેની મુખમુદ્રા તંગ બની ગઈ. “મેં ગુલાબનો હાર ટેબલ ઉપર રાખ્યો છે યાદ કરીને તેને ડેડની છબીને ચડાવી દેજે.” બહારથી નીશા દ્વારા બોલાયેલો સંવાદ સાંભળીને ધરતી નિર્ણય લેવા મજબૂર બની રહી હતી. “શું મારે ખરેખર આ હાર, એની છબી ઉપર ચડાવવો જોઈએ..?” તે બાજુની આરામ ખુરશી પર ફસડાઈ પડી તે સાથે જ તેના હૃદયમાં એક હળવી ટીસ ઉઠી અને ધરતી અઠવાડીયા પહેલાંના સમયમાં પહોંચી ગઈ.

“આ... તમે... શું... શું... બોલો... લો છો ??” ફફડતાં હોઠ અને ધડકતી છાતી સાથે ફાટતા અવાજે ધરતી જોશભેર બોલી.

"મને ખબર હતી કે, તને જયારે સાચી હકીકતનું ભાન થશે ત્યારે તારી મનોસ્થિતિ કેવી હશે એટલે જ હું આ વાત આટલા વર્ષોથી મારા દિલના એક ખૂણે દાટીને..."

"તો... આજે..."

"પ્લીઝ ! ધરતી, મને બોલવા દે, બોલી લેવા દે મને ફરી પાછો આ સમય આવે કે ન આવે મને એકરાર કરી લેવા દે હું મારા મન ઉપર કોઈ બોજ લઈને ઉપરવાળા પાસે જવા નથી માંગતો. હું જ તારો ગુનેગાર છું તારી આબરૂના લીરેલીરા..."

ધરતીનું મગજ જાણે બહેર મારી ગયું કોઈ તેના માથા ઉપર હથોડા વિંઝતુ હોય તેમ તેનું માથું ફાટફાટ થવા લાગ્યું તે લમણે હાથ દઈને ફસડાઈ પડી. "એટલે... એટલે... તમારા કહેવાનો અર્થ છે કે વર્ષો પહેલા મારી સાથે જે થયું તે તમે... તે... જ...." આગળનું વાક્ય ધરતીના રુદન સાથે તણાઈ ગયું.

"શાળાના દિવસોથી જ હું તને ખૂબ ચાહતો હતો, પછી કોલેજમાં પણ એ જ હાલત પણ મિતભાષી સ્વભાવને કારણ હું તને કયારેય મારા પ્રેમ વિષે કહી ન શકયો. જયારે આખી કોલેજમાં તારા અને આકાશના સંબંધોની છડેચોક ચર્ચા થવા લાગી ત્યારે ખબર નહીં પણ... મારા જીવનની એક એવી નબળી ક્ષણે હતાશા અને નિરાશા વચ્ચે ઘેરાયેલો હું તને કોઈપણ ભોગે પામવા માટે ન કરવાનું કરી બેઠો એનો મને તે દી ની ઘડી અને આજની પળ સુધી એટલો જ પસ્તાવો છે અને એટલે જ...."

ક્ષિતિજને અધવચ્ચેથી જ અટકાવતાં હાંફતી છાતીએ ધરતી બોલી, "અને એટલે જ એક લાચાર, બિચારી, દુ:ખિયારી અને સગર્ભાનો સ્વીકાર કરીને પોતાની મોટાઈ બતાવી દુનિયાને, કેમ ખરુંને...?? અરે મેં તો મારા હૃદયમાં તમારી દેવ તરીકેની છબીને અંકિત કરી હતી. પણ, હું ખરેખર કેટલી નાદાન અને બેવકૂફ છું... હ...ઉ... જેને હું દેવ ગણતી રહી તે તો દાનવ નીકળ્યો."

ક્ષિતિજ થી એક ડૂસકું નખાઈ ગયું "જો ધરતી, મેં મારા હાથે અને મારા પાપે જ મારી છબીને ખરડી નાખી છે પરંતુ એક મરતાં માણસની છેલ્લી ઈચ્છાને એની છેલ્લી આજીજીને જો તું સ્વીકારવાનું વચન આપતી હોય તો, મારા મરી ગયા બાદ મારી છબી ઉપર તારા હાથે મારા મનગમતા ગુલાબના ફૂલનો હાર અચુક પહેરાવજે. જીવતાં જીવ મારાથી જે પાપ થયું છે તે તારી માફી મળવાથી આવતા ભવે આ ભૂલ અચૂક સુધારી દેશે. મારી આટલી આજી...જી..."

"આજીજી, રહેવા દે, તારા મોઢે સારી નથી લાગતી મારા માતા–પિતા અને દુનિયાની નજરમાં એક કુંવારી માંના સંતાનને પિતાનું નામ અને છત્રછાયા આપીને તે મહાન બનવાનું માત્રને માત્ર નાટક જ કર્યું છે. મારા ઉદરમાં જે બીજ પાંગરતું હતું એ મારા પ્રેમનું નહીં પરંતુ તારા જ પાપની નીશાની હતી એટલે જ એને પામવા માટે તે આ બધો ખેલ રચ્યો ઓ... હો... હવે રહી તારી માફી માગવાની અને આજીજી કરવાની વાત તો, સાંભળી બે કાન ખોલીને કે, જો ભગવાન ખુદ આ ધરતી પર આવીને તને કદાચ માફ પણ કરી દે ને તો પણ, હું મારા જીવનપર્યંત તને કયારેય માફ નહીં કરી શકું. અને, રહી તારી છબી પર હારને ચડાવવાની વાત તો તું કાલે મરતો હોય તો આજે... (ગળા નીચે થૂંક ઉતારતાં ધરતી બોલી) પણ મારા હાથે એ હાર નહીં ચડે, નહીં ચડે ને નહીં જ ચડે..."

* * *

ધડામ્ ! ધૂમ !!...

"શું થયું મોમ... અરે આ હારવાળી થાળી નીચે કેવી રીતે પડી ગઈ ? તને વાગ્યું તો નથીને ??" ધરતીને આરામ ખુરશી પર બેસાડતાં નીશા બોલી, "લેટ્સ ફરગેટ.સી.. ડેડસં કલોથસ્...બધા તારી જ પસંદગીના... નીશા પોતાના આંસુ ખાળતાં બોલી મોમ, આ કપડા મેં ડેડના કપબર્ડમાંથી કાઢયા છે તું કેતીતીને કે, ડેડની બધી જ વસ્તુઓ આપી દેવાની છે. તો તું જોઈલે કે આમાં કોઈ જરૂરી વસ્તુ રહી તો નથી ગઈને ?"

હ્દયમાં કડવાશ અને આંખમાં ભિનાશ સાથે ધરતી, ક્ષિતિજના કપડાંને તાકી રહી, "મોમ, એક કામ કરીએ, તું કામ સ્ટાર્ટ કર હું આપણાં બંને માટે કડક કોફી બનાવી આવું છું એનાથી તારા મૂડ અને આપણું કામ બંને પરફેકટ થઈ જશે. કેમ બરાબરને ?" ધરતીના ગાલ પર બચી ભરીને જતાં–જતાં નીશા બોલી.

કપડાંના ઢગલાં સામે જોતાં જ એક કટાક્ષસભર હાસ્ય ધરતીના મુખ પર આવી ગયું. જાણે કે, ક્ષિતિજની યાદને પણ પોતાની જિંદગીમાંથી દૂર હડસેલવી હોય એમ એણે કપડાના ઢગલાને ઉપાડીને દૂર ફેંકયો અને... એ સાથે જ એમાંથી એક ફાઈલ ઉડીને ધરતીના પગ પાસે પડી.

ધરતીએ કુતુહલતાપૂર્વકએ ફાઈલને ઉપાડી અને ઝડપથી એની અંદરનું લખાણ વાંચવા લાગી. ફાઈલમાં નામ ક્ષિતિજનું હતું અને સીટી હોસ્પિટલમાં કરાવેલા રીપોર્ટોની

એ ફાઈલ હતી. પણ તારીખ તો પચ્ચીક વર્ષ પહેલાંની છે આટલી જૂની ફાઈલ ? ધરતી સ્વગત બબડતા ફાઈલની અંદર કાગળ ઉથલાવતી ગઈ. ધીરે ધીરે તેમાં લખેલું લખાણ ધરતીની શ્રાવણ-ભાદરવો વરસાવતી આંખો દ્વારા ઝાંખુ પડતું ગયું.

"આ ફાઈલ મુજબ ક્ષિતિજ... હે ભગવાન !" ધરતીને લાગ્યું કે જાણે તેના પગ તળેની જમીન સરકી રહી છે. ક્ષિતિજની છબીના ટેકા વડે તે માંડ માંડ સ્થિર ઊભી રહી શકી. મને તો એમ કે, પોતાના સંતાનનો અધિકાર મેળવવા તમે મારો સ્વીકાર કર્યો પણ... આ રિપોર્ટ મુજબ તો તમે પિતા બનવાને લાયક જ ન હોતા એટલે એનો અર્થ એવો કે, નીશા તમારી નહીં પરંતુ આ... આકાશની જ પુત્રી છે અને એ વાત સુપેરે જાણતાં હોવાં છતાં... હે મારા પ્રભુ! આ શું થઈ રહ્યું છે મારી સાથે...?? ધરતીનો હાથ અનાયાસે જ ગુલાબના હાર તરફ વળ્યો.

પણ... બીજી જ મિનિટે એના મનોમસ્તિષ્કમાં વિચારોનું ધમાસાણ યુધ્ધ ફાટી નીકળ્યું સજાને અને માફીને લાયક કોને ગણવો? એને કે જેણે મારી આબરૂના લીરે લીરા કર્યા પણ પછી સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન પણ અપાવ્યું કે એને કે જેણે મારી મુશ્કેલીઓ વચ્ચે મને એકલી મૂકીને ભાગી જવું ઉચિત સમજયું ? કોને દેવ ગણવો અને કોને દાનવ ? એની આખરી ઈચ્છાનું માન રાખું કે મારી મનોદશાનું ? અસમંજસ ભરી સ્થિતિમાં ધરતી અભિમન્યુની જેમ વિચારોના ઘોડાપુરના સાતે કોઠા એકલી અટુલી ભેદતી રહી.

"મો..મ.. ચલને થોડીને વાર આપણે અગાશી ઉપર બેસીને આ કામ આપણે પછી કરી લઈશું. હોટ કોફી વીથ ટવીંકલ સ્ટાર્સ યાદ છે તને હું નાની હતી ત્યારે તુ મને આકાશમાં ટમટમતાં તારલાઓ બતાવીને કહેતી કે, જે ભગવાન પાસે જાય છે આ ઝગમગતાં તારલાઓમાંથી ડેડને શોધીએ. મો..મ... ચલન" ધરતીને ઢંઢોળતા નીશા બોલી રહી હતી.

"મો...મ..." નીશાનો અવાજ ફાટી ગયો તેના હાથ રહેલી કોફીના મગવાળી ટ્રે જમીન પર પછડાઈ ગઈ. નીશા ધરતીના નિર્લેપ નિષ્પ્રાણ ચહેરાને જોઈ રહી. બહાર મેહુલિયો આવાજ વરસી ગયો અને ક્ષિતિજની છબી પર ચડાવાયેલા ગુલાબના હાર ની મહેકને મહેકાવતો રહ્યો.

**- આશા શાહ, ભૂજ-કચ્છ**

# વાયુદેવતા મંદિર, અમદાવાદ
# નવરાત્રી મહોત્સવ - આરતી

| નં. | નામ | તિથિ | વાર | તારીખ | રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | મેહુલભાઈ એસ. શાહ | એકમ | રવિવાર | ૨૯-૯-૧૯ | ૩૩૦૦-૦૦ |
| ૨ | ભરતભાઈ સી. પરીખ | બીજ | સોમવાર | ૩૦-૯-૧૯ | ૨૭૦૦-૦૦ |
| ૩ | ઉમાકાન્તભાઈ જે. પરીખ | ત્રીજ | મંગળવાર | ૧-૧૦-૧૯ | ૧૨૦૦-૦૦ |
| ૪ | રુપેશભાઈ એચ. શાહ | ચોથ | બુધવાર | ૨-૧૦-૧૯ | ૩૨૦૦-૦૦ |
| ૫ | રમેન્દ્રભાઈ જે. પરીખ | પાંચમ | ગુરુવાર | ૩-૧૦-૧૯ | ૨૨૦૦-૦૦ |
| ૬ | પીયુષભાઈ એમ. શાહ | છઠ્ઠ | શુક્રવાર | ૪-૧૦-૧૯ | ૧૮૦૦-૦૦ |
| ૭ | હેમલભાઈ વી. શાહ | સાતમ | શનિવાર | ૫-૧૦-૧૯ | ૨૨૦૦-૦૦ |
| ૮ | ચંદ્રેશભાઈ વી. પરીખ | આઠમ | રવિવાર | ૬-૧૦-૧૯ | ૨૪૦૦-૦૦ |
| ૯ | વિજેશભાઈ એન. શાહ | નોમ | સોમવાર | ૭-૧૦-૧૯ | ૧૨૦૦-૦૦ |
| ૧૦ | હરીશભાઈ એન. શાહ | દસમ | મંગળવાર | ૮-૧૦-૧૯ | ૮૦૦-૦૦ |
| ૧૧ | કિરણભાઈ એન. શાહ | અગિયારસ | બુધવાર | ૯-૧૦-૧૯ | ૭૦૦-૦૦ |
| ૧૨ | ચંદ્રેશભાઈ બી. શાહ | બારસ | ગુરુવાર | ૧૦-૧૦-૧૯ | ૬૦૦-૦૦ |
| ૧૩ | વિજેશભાઈ એન. શાહ | તેરસ | શુક્રવાર | ૧૧-૧૦-૧૯ | ૪૦૦-૦૦ |
| ૧૪ | વી.ટી.એફ | ચૌદસ | શનિવાર | ૧૨-૧૦-૧૯ | ૭૦૦-૦૦ |
| ૧૫ | હેમલભાઈ વી. શાહ | પૂનમ | રવિવાર | ૧૩-૧૦-૧૯ | ૭૦૦-૦૦ |
| | | | | કુલ રૂા. | ૨૪૧૦૦-૦૦ |

**- નાનુભાઈ એન. શાહ**

અ.સૌ. સ્વ. સ્મિતા બંકિમ શાહ (અમદાવાદ) ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી વાયુદેવતા મંદીર, બાજવાડા, વડોદરા

હવન :- શ્રી વાયુદેવતા મંદીર, વડોદરા ખાતે આપણી જ્ઞાતિની વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ, ભાદરવા સુદ-૫ નો હવન તા. ૩-૯-૨૦૧૯ના રોજ થયો.

આજ રોજ, કુળદેવતા તથા દિતિ અને અદીતિ માતાઓ એમ ત્રણે સ્વરૂપોને સુંદર વાઘા ધરાવવામાં આવ્યાં. સુંદર ફુલોના હાર ચઢાવાયા. મંદીરના દ્વારે શુભ પ્રસંગની ઉજવણીના પ્રતિકરૂપે, આસોપાલવ તથા હારના તોરણ કરવામાં આવ્યાં તથા લાઈટીંગ પણ કરવામાં આવી.

હવનના યજમાનનો લાભ ફરીવાર શ્રી સચીનભાઈ એસ. શ્રોફ તથા તેઓના ધર્મપત્નિ શ્રીમતી આરતીબેન દ્વારા મેળવવામાં આવ્યો. ઉપસ્થિત બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિપૂર્વક, શ્રી વાયુ ભગવાનની પંચધાતુના સ્વરૂપને પંચામૃત સ્નાન સાથે હવન કરવામાં આવ્યો.

વડોદરામાં વસતાં વાયડા જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં અને સાંજના ૬-૦૦ કલાકે મંત્રોચ્ચાર સાથે શ્રીફળ હોમવામાં આવ્યું અને ત્યાર બાદ સૌએ પ્રસાદનો લાભ મેળવ્યો.

હવનની પૂર્ણાહુતિ બાદ સમસ્ત વાયડા જ્ઞાતિના સુખ, સમૃધ્ધિ અને ઉત્કર્ષ માટે જ્ઞાતિના પ્રતિનિધિ દ્વારા, પરંપરા પ્રમાણે શ્રી વાયુપુરાણના ચૌદમાં અધ્યાયનું પારાયણ પણ કરવામાં આવ્યું.

જ્ઞાતિના બાળકોને ભણતરમાં પ્રોત્સાહિત કરવાનો ઉદ્દેશથી નીચે મુજબ ઈનામો આપી પુરસ્કૃત કરવામાં આવ્યાં.

| | | |
|---|---|---|
| ૧. હેતવી એમ. નગરશેઠ | બી.એસ.સી. | રોકડ કવર |

– પુષ્પાબેન એમ. શાહના સ્મરણાર્થે હસ્તે પરાસરભાઈ એમ. શાહ

| | |
|---|---|
| ૨. શેઠ વ્રજ જી. | ધોરણ-૧૦ |
| ૩. પારેખ વૃશાલી જે. | ધોરણ-૯ |
| ૪. પારેખ ધ્રુવી જે. | ધોરણ-૫ |
| ૫. શેઠ નંદની જી. | ધોરણ-૪ |
| ૬. ગાંધી જીલ સી. | ધોરણ-૩ |
| ૭. પારેખ ખેવના એન. | ધોરણ ૨ |

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

– વાયડા વણિક મંડળ દ્વારા ઈનામો

આજ રોજ કિર્તીબેન જે. શાહ તરફથી માતાજી માટે એક સાડી ભેટ મળેલ છે, આભાર.

અન્નકૂટ :– ચાલુ વર્ષે અન્નકૂટ બેસતા વર્ષના શુભદિવસે એટલે કે તા. ૨૮–૧૦–૨૦૧૯ સોમવારના રોજ થશે. દર્શનનો સમય બપોરે ૩ થી ૮ રહેશે. આરતી સાંજે ૭–૦૦ કલાકે થશે. સર્વ જ્ઞાતિજનો વિનંતી કે પોતાની ભેટ મંદીરે લખાવી, પાવતી મેળવી લેવી. પ્રસાદનું વિતરણ તા. ૧–૧૧–૨૦૧૯ ના રોજથી મંદીરેથી થશે.

**– કશ્યપભાઈ શ્રોફ**

## શ્રી સમસ્ત વાયડા વણીક સમાજ – મુંબઈ

સહર્ષ જણાવવાનું કે ચાલુ વર્ષના પ્રથમ કાર્યક્રમનું આયોજન તા. ૧૫–૯–૧૯ ના રોજ બોરીવલી ખાતે 'રાસા બેન્કવેટ'માં કરવામાં આવ્યું હતું.

**કાર્યક્રમ – 'કેસીનો'**

સાંજના ૬–૩૦ કલાકે કાર્યક્રમની શરૂઆત શ્રીમતી પ્રવિણાબેન ડી. દલાલના સ્વમુખેથી શ્રી વાયડ માતાજીની સ્તુતિ સાંભળીને કરવામાં આવી.

રાસા હોલમાં સુંદર ડેકોરેશન સાથે રમતના ૪ કાઉન્ટર ઉભા કરવામાં આવ્યા હતા. ગેમ રમાડનાર ભાઈ તરફથી પ્રત્યેક સભ્ય ભાઈ–બહેનને ૩૦૦૦/– રૂા. ના કાઉન્ટર આપવામાં આવ્યા હતા. આ કાઉન્ટરની મદદથી દરેક સભ્યોએ બધી જ ગેમ રમવાની મજા માણી. અંતમાં જે સભ્ય પાસે વધારે કાઉન્ટર જમા થયા હતા. તેવા પાંચ સભ્યોને ઈનામ આપવામાં આવ્યા હતા.

હોલમાં મજાક–મસ્તીના વાતાવરણમાં સૌ જ્ઞાતિજનોએએ ખૂબ આનંદ માણયો સાથે વેલકમ ડ્રીંક અને સ્ટાર્ટર તો ખરા જ.

અંતમાં સ્વાદીષ્ટ ભોજનની મજા માણી સૌ છુટા પડયા

નોંધ : મુંબઈમાં વસવાટ કરતા જ્ઞાતિજનોને કમીટી મેમ્બર્સની નમ્ર વિનંતી છે કે મંડળમાં સભ્યપદ નોંધાવીને અમારા આ નાનકડા પ્રયાસને સફળ કરવામાં મદદરૂપ થાય.

**– શ્રી સમસ્ત વાયડા વણીક સમાજ**
**કાર્યકર્તા બહેનો**

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી સમીરી વણિક સમાજ – અમદાવાદ
## શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ – અમદાવાદ

શ્રી સમીરી વણિક સમાજ અને શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે નવા વર્ષના સ્નેહ મિલન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા. ૧૦ નવેમ્બર ૨૦૧૯ને રવિવારના રોજ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ઉપરોક્ત બન્ને મંડળના સભ્યોને ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે.

કાર્યક્રમનું સ્થળ – જલતરંગ કલબ
લાવણ્ય સોસાયટીની પાછળ, જીવરાજ મહેતા હોસ્પિટલ પાસે, વાસણા, અમદાવાદ
સમય : સાંજે ૫–૩૦ થી

આ કાર્યક્રમમાં મહીલા મંડળ દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કરવામાં આવશે. તદ્ઉપરાંત હાઉસીની રમત, શૈક્ષણિક પ્રોત્સાહન ઈનામોનું વિતરણ તથા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ગરબા, ડાન્સ, ગીતો વગેરે રજુ કરવામાં આવશે.

શૈક્ષણિક પ્રોત્સાહન ઈનામો માટે ઈ.સ. ૨૦૧૯માં ધોરણ ૧ થી ૪ માં પાસ થયેલ દરેક વિદ્યાર્થીને રૂા. ૧૦૧–૦૦ નું પ્રોત્સાહન ઈનામ શ્રી શ્રેણિકભાઈ એન. પરીખ તથા વ્રજેશભાઈ એન. પરીખ તરફથી આપવામાં આવશે. તદ્ઉપરાંત શ્રી સમીરી વણિક સમાજ તરફથી ઈ.સ. ૨૦૧૯માં ધોરણ ૫ થી ૧૨ તથા સ્નાતક અને અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓને સમાજના નિયમ મુજબ પ્રોત્સાહન ઈનામો આપવામાં આવશે.

સ્વ. દેવીબહેન ગોકળદાસ પરીખની પુણ્યસ્મૃતિમાં ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ, મીકેનીકલ એન્જીનીયરીંગ તથા મેડીકલના પ્રથમ વર્ષમાં ૨૦૧૯માં એડમીશન લીધેલા ૧–૧ વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવશે.

તો ઉપરોક્ત કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટની ઝેરોક્ષ તા. ૫–૧૧–૨૦૧૯ સુધીમાં શ્રી કંદર્પભાઈ વી. પરીખ, સી–૩, શાંતિનિકેતન એપાર્ટમેન્ટ, ૧૯, મહાલક્ષ્મી સોસાયટી, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭ ખાતે મોકલી આપવા વિનંતી છે. ઈનામો મેળવનાર બાળકો કાર્યક્રમમાં હાજર રહે એ ઈચ્છનીય

‘દૃષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં હાજર રહેવા ઈચ્છતાં સભ્ય ભાઈ બહેનો તા. ૧-૧૧-૨૦૧૯ થી તા. ૩-૧૧-૨૦૧૯ સુધીમાં સવારે ૧૦ થી ૧ અથવા સાંજે ૭ થી ૯ સુધીમાં તેમના નામ (૧) શ્રી શરદભાઈ જે. પરીખ મો.નં. ૮૦૦૦૧૧૭૯૨૮ અથવા શ્રી રાજેન્દ્રભાઈ કે. શાહ મો.નં. ૯૮૯૮૮૨૭૩૯૮ ને ત્યાં નોંધાવી શકશે. વોટ્સઅપ દ્વારા પણ નામ નોંધાવી શકાશે. નામ નોંધાવનાર મુખ્ય વ્યક્તિનું નામ તથા સભ્ય સંખ્યા જણાવવાની રહેશે. કાર્યક્રમમાં ભાગ લેવા માટે રૂા. ૨૦૦ પ્રતિ વ્યક્તિ ચાર્જ રાખવામાં આવ્યો છે. પાંચ વર્ષથી નાના બાળક માટે કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં. ગેસ્ટ ચાર્જ રૂા. ૪૫૦ પ્રતિ વ્યક્તિ રાખવામાં આવ્યો છે. ગેસ્ટને પ્રમુખશ્રી પૂર્વમંજુરીથી લાવી શકાશે. તા. ૪-૧૧-૨૦૧૯ પછી નામ નોંધાવનાર માટે રૂા. ૨૫૦/- પ્રતિ વ્યક્તિ ચાર્જ લેવામાં આવશે. એકવાર નામ નોંધાવ્યા પછી કોઈપણ સંજોગોમાં રદ કરી શકાશે નહીં.

કાર્યક્રમમાં સાંજે ૬-૦૦ વાગ્યા સુધીમાં પ્રવેશ મેળવી લેનાર સભ્યો માટે લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૬-૦૦ વાગ્યા સુધીમાં પ્રવેશ મેળવી લેનાર સભ્યોએ પોતાનું નામ કાઉન્ટર ઉપર નોંધાવી દેવું ૬-૦૦ વાગ્યા પછી નામ નોંધવામાં આવશે નહીં.

જે કોઈ ભાઈ બહેન કાર્યક્રમમાં આર્થિક સહયોગ આપવા ઈચ્છતા હોય, તેમને શ્રી શરદભાઈ જે. પરીખ મો.નં. ૮૦૦૦૧૧૭૯૨૮ નો સંપર્ક કરવા વિનંતી છે. આપનો આર્થિક સહયોગ આવકાર્ય છે.

**- લજ્જા શાહ**
**મીતા પરીખ**
**શ્રી સમીરી વણિક સમાજ મહીલા મંડળ**

**- શૈલેષ પી. શાહ**
**શરદ જે. પરીખ**
**શ્રી સમીરી વણિક સમાજ**

## શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ

### વાર્ષિક સામાન્ય સભા તથા ૨૫ વર્ષ સિલ્વર જયુબિલીની ઉજવણી

સંવત ૨૦૭૫ના ભાદરવા સુદ ૭ ને ૫મી સપ્ટેમ્બર, ગુરુવારે મહિલા મંડળની વાર્ષિક સામાન્ય સભા તથા ૨૫ વર્ષની સિલ્વરજયુબિલીની ઉજવણી સારથી રેસ્ટોરન્ટ, વસ્ત્રાપુર ખાતે રાખવામાં આવી હતી. કમિટી મેમ્બર્સ દ્વારા શ્રીગણેશજી પાસે તથા હોલમાં ફૂલ અને અન્ય વસ્તુઓ દ્વારા સુંદર સજાવટ કરવામાં આવી હતી.

